**આજનો સુવિચાર**

જો હળવાશથી રહેશો તો કોઈની સાથે કડવાશ નહિ થાય

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૩૪ જૂનાગઢ તા.૨૧-૯-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 234, Junagadh : Date : 21 September, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# ભારત સરકારે તાત્કાલીક અસરથી કેનેડાનાં નાગરીકો માટે વીઝા સર્વિસ સસ્પેન્ડ કરી

### ખાલિસ્તાની આતંકવાદી ગુરૂપતવંતસિંહ પન્નુ જસ્ટીન ટ્રુડોનાં મુક સમર્થનથી સતત ભારત વિરૂધ્ધ ઝેર ઓકી રહયો છે : ભારત સરકારે ગંભીર નોંધ લીધી






### કેનેડાનાં નાગરીકો ભારતમાં એન્ટ્રી નહી મળે : કેનેડા સહિત વિશ્વનાં દેશોને ભારતનો કડક સંદેશ

નવી દિલ્હી તા. ૨૧ : ભારત - કેનેડા વચ્ચે સતત તંગદીલી વધી રહી છે. આજે બનેલા એક મહત્વનાં ઘટનાક્રમમાં ભારત સરકારે તાત્કાલીક અસરથી કેનેડાનાં નાગરીકો માટે વીઝા સર્વિસ સસ્પેન્ડ કરી નાખી છે. કેનેડાનાં નાગરીકો માટે હવે ભારતમાં નો-એન્ટ્રી થઈ ગઈ છે. ભારત સરકાર દ્વારા જારી કરવામાં આવેલ એક વિજ્ઞપ્તીમાં એવું જણાવ્યું છે કે, જયાં સુધી બીજી સૂચના જાહેર ન થાય ત્યાં સુધી કેનેડાના નાગરીકો માટે ભારતની વીઝા સર્વિસ સસ્પેન્ડ કરવામાં આવી છે તેથી હવે કેનેડાનાં નાગરીકો ભારત આવી શકશે નહી. ભારત સરકારે આ પગલું ભરીને કેનેડા તેમજ વિશ્વનાં દેશોને એવો કડક સંદેશો આપી દીધો છે કે, ભારત કોઈપણ મામલાને ગંભીરતાથી લેશે. જો ભારત સાથે દોસ્તી નિભાવશો તો ભારત સારૂ મિત્ર પુરવાર થશે પરંતુ જો ભારત સાથે દુશ્મની કરશો તો ભારત દુશ્મની કરવામાં બે ડગલા આગળ રહેશે તેવો સ્પષ્ટ સંદેશ ભારત સરકાર દ્વારા આપી દીધો છે. કેનેડાનાં વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ભારત વિરોધી વલણ અપનાવ્યું છે તેથી કેનેડામાં વસવાટ કરતા ૧૦ લાખ ભારતીયોમાં દહેશતનું વાતાવરણ વ્યાપી ગયું છે. કેનેડામાં એક રીતે ગેંગવોર ફાટી નીકળવાની સ્થિતિ જોવા મળી રહી છે. કેનેડામાં એક પછી એક ખુલ્લેઆમ હત્યાઓ થઈ રહી છે અને કેનેડાની સરકારનું તેના પર કોઈ અંકુશ નથી. જયારે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંતસિંહ પન્નુ જસ્ટીન ટ્રુડોનાં મૌન સમર્થનથી ભારત વિરૂધ્ધ સતત ઝેર ઓકી રહયો છે જેની ભારત સરકારે અત્યંત ગંભીર નોંધ લીધી છે.

# કેનેડામાં વધુ એક પંજાબી આતંકવાદીની હત્યા : લોરેન્સ બિશ્નોઈ ગેંગે જવાબદારી સ્વીકારી





ટોરોન્ટો તા. ૨૧

ખાલિસ્તાન ટાઈગર ફોર્સ ના આતંકવાદી હરદીપ નિજ્જરની હત્યાને લઈને ભારત-કેનેડા વચ્ચેના તણાવ વચ્ચે કેનેડામાં **A** કેટેગરીના ગેંગસ્ટર સુખદુલ સિંહ ગિલ ઉર્ફે સુખાદુન્નાકેની હત્યા કરવામાંઆવી છે. તે નકલી પાસપોર્ટનાં માધ્યમથી વર્ષ ૨૦૧૭માં પંજાબથી કેનેડા ભાગી ગયો હતો. ખાલીસ્તાની આતંકી અર્શ ડલ્લાનો રાઈટ હેન્ડ હતો.

પ્રાથમિક માહિતી મુજબ સુખા દુન્નાકેને કેનેડાના વિનીપેગમાંગોળી મારવામાંઆવી છે. તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. **NIA**એ તૈયાર કરેલી ૪૧ આતંકવાદીઓ અને ગેંગસ્ટરોના લિસ્ટમાં સુખા દુન્નાકે સામેલ હતો, કેનેડામાં ખાલિસ્તાની નિજ્જરની હત્યા બાદ આ બીજી મોટી ઘટના છે.

પ્રાથમિક માહિતી મુજબ સુખા દુન્નાકેને કેનેડાના વિનીપેગમાંગોળી મારવામાંઆવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, દુન્નાકે પર લગભગ ૧૫ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જે કેનેડામાં બેસીને ભારતમાં તેના સાગરિતો પાસેથી ખંડણી વસૂલતો હતો.

સુખા દુન્નેકે પંજાબના મોગા જીલ્લાના દુન્નેકે કલાન ગામનો રહેવાસી છે. **'A'** કેટેગરી ગેંગસ્ટર સુખા દુન્નેકે ગુનાની દુનિયામાં પ્રવેશતા પહેલા મોગા ડીસી ઓફિસમાં કામ કરતો હતો. પોલીસની મદદથી બનાવટી દસ્તાવેજો પર પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવીને તે ૨૦૧૭માં કેનેડા ભાગી ગયો હતો. ત્યારે તેની સામે ૭ ફોજદારી કેસ પેન્ડિંગ હતા.

દરમ્યાનમાં આ લખયા રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી સુખા દુનાતેની હત્યાની જવાબદારી ભારતની જેલમાં બંધ પંજાબી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગે સ્વીકારી છે.

## મહિલા અનામત બીલને સમર્થન આપવા માટે વડાપ્રધાન મોદીએ તમામ રાજકીય પક્ષોનો આભાર માન્યો : આજે રાજયસભામાં ચર્ચા

નવી દિલ્હી તા. ૨૧

સંસદના વિશેષ સત્રના ચોથા દિવસે ગુરુવારે વડાપ્રધાન મોદીએ લોકસભામાં મહિલા અનામત બિલ પર ૫ મિનિટનું ભાષણ આપ્યું હતું. ગૃહની કાર્યવાહી શરૂ થતાં જ વડાપ્રધાને કહ્યું, 'ભારતની સંસદીય યાત્રામાં આ એક સુવર્ણ ક્ષણ છે. ગૃહના તમામ સભ્યોઆ ક્ષણના હકદાર છે. તમામ પક્ષોના નેતાઓ પણ તેના હકદાર છે.

આજે તે રાજયસભામાં તેનો છેલ્લો મુકામ પૂર્ણ કરશે. આજે હું આ પવિત્ર કાર્યમાં તમારા યોગદાન અને અર્થપૂર્ણ ચર્ચા માટે આપ સૌને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. બીજીતરફ કેન્દ્રીય મંત્રી અર્જુનસિંહ મેઘવાલે રાજયસભામાં મહિલા અનામત બિલ રજૂ કર્યું. તેમણે કહ્યું, ભારતને વિકસિત બનાવવા માટેઆ એક મહત્વપૂર્ણ પગલું છે. આજે મહિલા અનામત ખરડા પર રાજયસભામાં ચર્ચા ચાલી રહી છે.

**હરસ, ભગંદર, ફીશરની**
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
**ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ**

# અમેરીકા, બ્રિટન, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ પણ કેનેડાનાં રવાડે ચડયા : ભારતને વણમાંગી સલાહ આપી

ટોરંટો તા.૨૧ :

ભારત-કેનેડાવચ્ચેના સંબંધોમાં સર્જાયેલા તણાવના વૈશ્વીક પ્રત્યાઘાતો પણ પડયા જ છે. ત્યારે અમેરીકા-ઓસ્ટ્રેલીયા જેવા દેશોએ કેનેડાને સમર્થન કરીને હત્યા કેસની તપાસમાં ભારતને સહકાર આપવાનો સુર વ્યકત કર્યો છે. અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ તથા કેનેડા એમ પાંચ દેશોની ભાગીદારી સાથે ફાઈવ આઈ ઈન્ટેલીજન્સ નામનું ગુપ્તચર સંગઠન છે. ભારત અને કેનેડા વચ્ચેનાં તણાવ વચ્ચે આ સંગઠનનાં અધિકારીઓનાં મંતવ્ય મહત્વપૂર્ણ બની જાય છે. અમેરિકી નેશનલ સિકયુરીટી કાઉન્સીલનાં કો-ઓર્ડનેટર જહોન કિર્બિએ કહ્યું કે હત્યા કેસનાં આક્ષેપો ગંભીર છે.

કેનેડા તપાસ કરે જ છે અને તેમાં અમેરીકા આગળ વધવા માંગતું નથી. આ તપાસમાં ભારત સરકાર આવે તે જરૂરી છે. પારદર્શક અને ઉંડી તપાસ જરૂરી છે. કેનેડાનાં નાગરીકોની પણ તપાસના પરીણામ પર મીટ છે. કોઈ અવરોધ વિના તપાસ થાય તે માટે અમેરિકા, ભાગીદાર રાષ્ટ્રો સાથે સતત સંપર્કમાં રહેશે.

ભારતસ્થિત અમેરીકીરાજદુતે જોકે એમ કહ્યુ કે કેનેડાનાં વડાપ્રધાનના આક્ષેપો 'તકલીફ' સર્જે તે સ્વાભાવીક છે પરંતુ ષડયંત્રકારોને ઝડપીને ન્યાય અપાવવાનું જરૂરી છે. બીજી તરફ ઓસ્ટ્રેલીયાનાં વિદેશમંત્રી પેન્ની વોંગે પણ એમ કહ્યું હતું કે હત્યા કેસની તપાસ ચાલુ છે અને તેના પર ભાગીદાર રાષ્ટ્રો સાથે સંપર્ક છે.

## સમાચાર રાઉન્ડ અપ

● બાઈડન જાન્યુઆરીમાં ભારતની મુલાકાતે આવશે : પ્રજાસત્તાક દિને મુખ્ય અતિથિ બનવા આમંત્રણ અપાયું

● આનંદો.. ભારતનાં ડોકટરો હવે વિદેશમાં પ્રેકટીસ કરી શકશે

● અયોધ્યામાં રામમંદિરને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપનાર યુપીનાં બારેલી જીલ્લાનાં સગીર વિદ્યાર્થીની ધરપકડ

● લેબનોનમાં અમેરીકી એમ્બેસીની બહાર ફાયરીંગની ઘટના

● કેન્દ્રીય કર્મચારીઓ માટે લાપસીનાં આંધણ : દિવાળી પૂર્વે મોટી ભેટ મળશે : મોંઘવારી ભથ્થામાં વધારો કરાશે

● ટ્રેન અકસ્માતના કિસ્સામાં પીડિતોને અપાતા વળતરમાં રેલ્વેએ ૧૦ ગણો વધારો કર્યો

## દુકાન / ઓફીસ ખરીદવા માટે

**ક્રિસ્ટલ મોલમાં**
નવી કોર્ટ બિલ્ડીંગની બાજુમાં ચીત્તાખાના ચોક, એમ.જી. રોડ જૂનાગઢ ખાતે ખાસ વકીલ મિત્રો માટે
**ઓફીસ લાયક જગ્યા**
ત્રીજા માળે - ૫ દુકાન
ચોથા માળે - ૬ દુકાન
વેચાણથી આપવાની છે. વકીલ મિત્રો સિવાય મોબાઈલ, હોઝીયરી, કાપડના વેપાર માટે ખાસ ઉપયોગી દુકાન / ઓફીસ ખરીદવા માટે
:: સંપર્ક કરો ::
**મો. ૯૭૨૪૩ ૮૫૫૫૫**

# મનપા તંત્રએ બુધ્ધિનું દેવાળું ફુકયું : રાયજીબાગમાં પાયો ભર્યા વગર જ દિવાલ ઉભી કરી દીધી



જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ શહેરમાં તાજેતરમાં કાળવામાં આવેલા ભયાનક પુર બાદ જળપ્રલય જેવીસ્થિતિ સર્જાયેલી ત્યારબાદ બે દિવસ પહેલા પણ વરસાદ આવતા સ્થિતિ ભયજનક બની ગઈ હતી. ત્યારે અગાઉનાં પુર વખતે રાયજી બાગ ખાતે દિવાલ ધરાશયી થઈ જતા કાળવાનાં પુરનાં પાણી રાયજી બાગમાં પ્રવેશી ગયા હતા અને વ્યાપક નુકશાન થયું હતું. ત્યારે મહાનગરપાલિકાનાં બેજવાબદાર અધિકારીઓ અને તંત્રની નિષ્ફળતા સામે ભારે રોષ વ્યાપી ગયો હતો. ત્યારે આ વખતે મનપાનું તંત્ર મોડુ મોડુ પણ જાગ્યુ હોય તેમ દિવાલ જે સ્થળે તુટી પડી હતી ત્યાં પુર્નઃ દિવાલનું બાંધકામ શરૂ કર્યુ છે પરંતુ ખાટલે મોટી ખોટ હોયતેમ મનપા તંત્રએ બુધ્ધિનું દેવાળું ફુંકતા પાયો બાંધ્યા વગર જ દિવાલનું ચણતર કામ શરૂ કર્યુ છે.

એટલે તેનો સીધો અર્થ એમ થાય છે કે આ દિવાલ તુટી પડવા માટે જ બનાવવામાં આવી છે. ન કરે નારાયણ અને જો દિવાલ ધસી પડે અને કોઈ નુકશાન કે જાનહાની થાય તો તેના માટે મહાનગરપાલિકાનું વાહિયાત તંત્રજ જવાબદાર ગણાશે. આ બાબતે આ વિસ્તારનાં નાગરીકોએ મનપા તંત્રમાં રજુઆત પણ કરી છે પરંતુ હંમેશાની જેમ મહાનગરપાલિકામાં કરવામાં આવતી રજુઆતો માત્ર બહેરા કાને જ અથડાય છે.

## તાત્કાલિક ઓફિસ વેચાણ/ભાડેથી

ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. વણઝારી ચોક, વી. આર્કેડ 3 જા માળે, રોડ સાઈડ CA કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.

**સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

## ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

## હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
**મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪**

## નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં

● શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
● શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
● શું આપ એક દિવી - બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...

આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજજ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજજ છે

**વહેલા તે પહેલાનાં ધોરણે**
**તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?**
**બુકીંગ ચાલુ છે**

**સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧**
જૂનાગઢ

# માણાવદરના ભૂદેવો દ્વારા ચિત્રકૂટ ધામ તલગાજરડાની પ્રાથમિક શાળામાં ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ સંપન્ન થયો



## શાળાના ૫૦ બાળકો પ્રધાન યજમાન બન્યા અન્ય મહેમાનો સહ યજમાન

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૧

સત્ય પ્રેમ અને કરૂણાના વાહક ચિત્રકૂટધામ તલગાજરડાની વિશ્વ વિભૂતિ પ્યારા મોરારી બાપુની જન્મ સ્થળી અને કર્મ ભૂમિ પ્રાથમિક શાળા તલગાજરડામાં માણાવદરના ભૂદેવો દ્વારા વિશ્વ કલ્યાણ અર્થે ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ તા.૧૭-૯-૨૦૨૩ને રવિવારે સવારે ૮ થી બપોરના ૧૨ વાગે સંપન્ન થયો હતો. તલગાજરડાની શાળા પરિસરમાં શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞની ધજા અને આસોપાલવના તોરણોથી સુશોભિત શાળાની સન્મુખ ગોધનની સાક્ષીએ શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞનો પ્રારંભ થયો હતો. ચંદન તિલક અને કંકણ બંધનથી શોભતા શાળાના બાળકો, આચાર્ય ઉદયનભાઈ પંડ્યા, ઉપાઆચાર્ય કલ્પેશભાઈ પંડ્યા, શાળાના શિક્ષકો, તલગાજરડાના પ્રથમ નાગરિક અને યુવાન સરપંચ ભોળાભાઈ કળસરિયા, બ્રહ્મ સમાજ મહુવાના અગ્રણી અને પૂજ્ય મોરારીબાપુના વિધા ગુરૂ પૂજ્ય રામ શંકરભાઈ ભટ્ટના પુત્ર નરેશભાઈ ભટ્ટ સહિત અન્ય મહાનુભાવો વિદ્યાર્થીઓ શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞમાં જોડાયા હતા. શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞનો પ્રારંભ ગો વંદનાથી થયો હતો. યાના આચાર્યે પૂજ્ય ફુલશંકરભાઈ જોશીએ ચંદન તિલક કરી સ્ટાફ પરિવારના જાગૃતિબેન રાવલ દ્વારા અગ્નિ સ્થાપન કરી હતી. શ્રી ગણેશજી મંત્રમાળા હોમ, શ્રી ગાયત્રી મંત્ર માળા હોમ, શ્રી હનુમાન ચાલીસા પાઠ અને શ્રી હનુમાન ચાલીસાની ચોપાઈ ૪૦ આહુતિ શાળાના બાળકનોના શુદ્ધ અને લયબદ્ધ સ્વરમાં શ્રી ગાયત્રી મંત્ર અને શ્રી હનુમાન ચાલીસાના ઉચ્ચારથી સમગ્ર તલગાજરડામાં માઈકના માધ્યમથી ગુંજતો હતો. ત્યારબાદ સુરભી ગો માતાના મંત્રથી આહુતિ અર્પણ કરવામાં આવી હતી. તમામ બાળકો અને મહેમાને બીડા હોમવા સોપારીથી બીડું અર્પણ કરવામાં આવ્યું હતું. શ્રી ગો માતા, શ્રી નંદી બાબા, શ્રી નર્મદા પુરાણજી, શ્રી ધેનું માનસજી અને સ્થાપનની આરતી કરવામાં આવી હતી. શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ માટે નિમિત્ત માત્ર આર્થિક યજમાન પુષ્પાબેન મોહનલાલ માધવજી રાવલ માણાવદર વાળા હતા. ભૂદેવો અને સાધુઓ, બટુકો, કન્યાઓને પત્રમ પુષ્પમથી વંદના કરવામાં આવી હતી. શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞમાં ખાસ હવન સામગ્રી હુત દ્રવ્યથી તૈયાર થયેલા વૈદિક છાણાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સહુએ અલ્પાહાર ગ્રહણ કર્યો હતો. જય સીયારામ, નર્મદે હર, શ્રી ગોમાતા પ્રિય હો, શ્રી નંદીબાબા પ્રિય હોના નાદ સાથે શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના વિરામ પ્રસંગે શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના સંયોજક ગો ઉપાસક બ્રહ્મ પુત્ર અને માં નર્મદા પ્રેમી મયૂર રાવલ જણાવ્યું કે માનસ રૂખડ કથામાં પ્યારા મોરારી બાપુને લાલ ઢોરી જૂનાગઢ ખાતે વિવિધ ગો ભકતો સાથે માણાવદર તાલુકાનાં એક ગામ માં ગો શાળા નિર્માણ માટે ૨૦૧૯ માં મળ્યા હતા અને આશીર્વાદ આપ્યા ત્યારથી જ સર્વે દોષો દૂર કરનારી શ્રી ગો માતા અને શ્રી નદીબાબા છે. ૧૦૦૮ મંત્ર લેખન બુક તૈયારી કરી અનુષ્ઠાન કરવાનો ભાવ થયો મંત્ર લેખન અને શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ગો શાળા અન્ય સ્થળે થઈ ચૂક્યા છે, તલગાજરડાની પવન ધરા ઉપર ૨૦૨ મો શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ચિત્રકૂટ ધામના અધિપતિ શ્રી હનુમાનજી મહારાજને ૨૪૦૦૦ આહુતિઓ અર્પણ કરી વિશ્વનું કલ્યાણ એવી પ્રાર્થના કરવામાં આવી હતી. તલગાજરડા શાળા પરિવારના વડા ઉદયનભાઈ પંડ્યા અને યુવાન સરપંચ ભોળાભાઈ કળસરીયાએ એવો ભાવ પ્રગટ કર્યો આપ ભૂદેવો પ્રતિવર્ષ આયોજન કરો, કદાચ પહેલી વખત શાળાના છોકરાઓ વિદ્યાર્થી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞમાં જોડાયા હોય અને ૨૫ કુંડી યાગ યજ્ઞ થયો હોય એ પ્રથમ ઘટના છે.

સંયોજક મયૂર રાવલના માર્ગદર્શન નીચે વિજયભાઈ પરમાર, શૈલેષભાઈ મહેતા, ભાવનાબેન પંડ્યા, મનુભાઈ, રાજેશભાઈ વ્યાસ, જગદીશભાઈ ચાવડા, શાળા પરિવારજનો અને વિદ્યાર્થી બાળકોએ ભારે જહેમત કરી હતી. ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં થયેલા ભારે વરસાદને પરિણામે જિલ્લાઓમાં સર્જાયેલી સ્થિતિની સમીક્ષા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કરી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૧

મુખ્યમંત્રીએ વરસાદથી વધુ પ્રભાવિત થયેલા ભરૂચ, વડોદરા, નર્મદા, છોટા ઉદેપુર, દાહોદ, કચ્છ અને મોરબી જિલ્લાના કલેક્ટર્સ સાથે તેમના જિલ્લાઓમાં માલમિલકતને, પશુઓને, તથા ખેતીવાડી, વીજળી, પાણી-પુરવઠા, વગેરેને થયેલા નુકસાનની પ્રાથમિક વિગતો આ વિડિયો કોન્ફરન્સમાં મેળવી હતી. મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવશ્રી કૈલાસનાથન તેમ જ વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવઓ, વરીષ્ઠ સચિવો, આ બેઠકમાં જોડાયા હતા. અસરગ્રસ્ત જિલ્લાઓના કલેક્ટરોએ તેમના જિલ્લાઓમાં કેશડોલ્સ ચૂકવણી અને ઘરવખરી સહાય આપવાની કામગીરી ત્વરાએ હાથ ધરાશે તેની મુખ્યમંત્રીને ખાતરી આપી હતી. આ જિલ્લાઓમાં અન્ય માલમિલકત તથા ખેતીવાડીને થયેલા નુકસાનીનો પ્રાથમિક સર્વે પણ વરસાદ રહી જતાં હવે આગામી દિવસોમાં હાથ ધરવા માટે જિલ્લા સ્તરે સર્વે ટીમ કાર્યરત કરવાના આયોજનથી પણ સંબંધિત કલેકટરોએ મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. વરસાદે વિરામ લીધા પછી હવે અસરગ્રસ્ત વિસ્તારોમાં કાદવ-માટી-કાંપ દૂર કરવા, માર્ગોની મરામત કરવા સાથે આડશો દૂર કરવી, પાણીનું ક્લોરિનેશન, જંતુનાશક દવાઓનો છંટકાવ કરીને રોગચાળો ફેલાતો અટકાવવા અને અન્ય આરોગ્યલક્ષી પગલાંઓ પણ વેગવાન બનાવવામાં આવી રહ્યા છે, તેની વિગતો મુખ્યમંત્રીશ્રીને કલેક્ટરોએ આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અસરગ્રસ્ત વિસ્તારોમાં થયેલા નુકસાનનો સર્વે ત્વરિત ધોરણે હાથ ધરીને પ્રાથમિક અંદાજો તૈયાર કરવા અને અસરગ્રસ્ત લોકોને જરૂરી સહાય મળે તે માટે રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સાથે સતત સંકલનમાં રહેવા કલેક્ટર્સને જણાવ્યું હતું. મુખ્યસચિવ રાજકુમારને રાજ્ય સ્તરે સંબંધિત વિભાગો સાથે આ અંગે વિગતવાર આયોજન માટે પણ તેમણે સૂચનો કર્યા હતા.



# રાજુલાની યુવતીને લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારનાર આરોપીનો નિર્દોષ છુટકારો

## આરોપી તરફે વકીલ ભાવેશભાઈ આર. સીંધવની દલીલો નામદાર કોર્ટએ ગ્રાહ્ય રાખી



(પ્રતિનિધિ દ્વારા)

રાજુલા તા.૨૧

રાજુલાની યુવતીને લગ્નની લાલચ આપીને તેનાં ઘરે ભગાડી જઈ અલગ-અલગ જગ્યાએ બળજબરીથી શરીર સંબંધ બાંધી મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજાર્યોનો ગુન્હો આરોપી જાવિદ ઉર્ફ અજય સદરૂભાઈ જોખીયા સામે રાજુલા સ્ટેશનમાં સને ૨૦૨૦માં આઈપીસી કલમ ૩૭૬ મુજબ ફરિયાદ નોંધવામાં આવેલ હતી. આ કામે આરોપીની ધરપકડ થયેલ અને જેલ હવાલે કરવામાં આવેલ પોલીસ તપાસ બાદ તપાસ કરનાર અમલદારે આરોપી સામે રાજુલા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ અને આરોપી સામે ચાર્જ ફ્રેમ થતાં આરોપી સામેનો કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદપક્ષે સાહેદોમાં ભોગ બનનાર તેમના દાદી, મેડીકલ ઓફીસર તથા પોલીસ અમલદારને સરકાર પક્ષે કોર્ટમાં તપાસવામાં આવેલ સાહેદોની આરોપી તરફે ભાવેશ આર. સિંધવ(ભરવાડ) દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ અને પુરાવો પુરો થયા બાદ ફરીયાદી તથા આરોપી તરફે દલીલો થયેલ આરોપી તરફે દલીલને માન્ય રાખી કોર્ટે આરોપીને છોડી મુકવાનો હુકમ ફરમાવેલ હતો. આ કામમાં આરોપી તરફે ભાવેશભાઈ આર. સિંધવ(ભરવાડ) વકીલ તરીકે રોકાયેલ હતા.

# ભેસાણના રમતવીરો એથેલેટીકસ સ્પર્ધા માટે રાજ્યકક્ષાએ રમવા જશે





(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૨૧

સ્પોર્ટ્સ ઓથરિટી ઓફ ગુજરાત આયોજિત જૂનાગઢ જિલ્લા રમતોત્સવ ૨૦૨૩ અંતર્ગત જિલ્લાકક્ષા જુડો સ્પર્ધાનું ભેંસાણ ખાતે આયોજન થયેલ હતું જેમાં ક્રિષ્ના સ્કૂલ ભેંસાણના રમતવીરોને ૬ ગોલ્ડ, ૧૦ સિલ્વર, ૯ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા તેમજ જૂનાગઢ ખાતે આયોજિત એથ્લેટિકસ સ્પર્ધામાં ૧૪ ગોલ્ડ, ૧૮ સિલ્વર, ૩ બ્રોન્ઝ મેડલ મેળવી કુલ ૨૦ ગોલ્ડ મેડલ, ૨૮ સિલ્વર મેડલ તેમજ ૧૨ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધારેલ હતું તેમજ પ્રથમ નંબર મેળવનાર રમતવીરો આગામી સમયમાં રાજ્યકક્ષાએ જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે તેમજ રાજ્યકક્ષાએ પણ સફળતા મેળવી જૂનાગઢ જિલ્લાનું નામ રોશન કરે તે માટે કોચ કાંતિ સાહેબ રાઠોડ, ટ્રસ્ટી વિક્રમભાઈ વાછાણી, નિતીનભાઈ જોષી, NCC ઓફિસર અશ્વિનભાઈ ભૂવાએ શુભકામનાઓ પાઠવી હતી.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ની વેબસાઈટ, મોબાઈલ એપ લોન્ચિંગ અને બ્રોસરનું અનાવરણ કરતા મુખ્યમંત્રી




ગાંધીનગર, તા. ૨૧


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪નાં ભાગરૂપે VG-૨૦૨૪ વેબસાઈટ તથા મોબાઈલ એપનું લોન્ચિંગ અને ફ૨-૨૦૨૪ના બ્રોશરનું ગાંધીનગરમાં અનાવરણ કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને ઉદ્યોગ-વેપારના વૈશ્વિક નકશે અગ્રેસર બનાવવાના હેતુથી ૨૦૦૩માં ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમ્યાનન વાઈબ્રન્ટ સમિટની શરૂઆત કરાવી હતી. આ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે નોલેજ શેરિંગ અને સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ માટેના સૌથી પ્રતિષ્ઠિત વૈશ્વિક મંચ તરીકે ઉભરી આવી છે તેમ તેમણે ગૌરવપૂર્વક જણાવ્યું હતું.

ગુજરાતને દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ બની રહેલી આ વાઈબ્રન્ટ સમિટે રાજ્યની સામાજિક આર્થિક સ્થિતિઓમાં પરિવર્તનશીલ બદલાવની શરૂઆત સાથે વિવિધ ઔદ્યોગિક માપદંડોમાં ગુજરાતને અગ્રીમ રાજ્ય બનાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ૨૦૦૩માં શરૂ થયેલી વાઈબ્રન્ટ સમિટની ૧૦મી કડી આગામી તારીખ ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ના દિવસોએ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાવાની છે. 'ગેટ વે ટુ ધ ફ્યુચર'ની થીમ સાથે યોજાનારી ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે દેશ-વિદેશના રોકાણકારોને આકર્ષિત કરવામાં મુખ્યમંત્રીશ્રીએ લોન્ચ કરેલી આ વેબસાઈટ તથા મોબાઈલ એપ વન સ્ટોપ સોલ્યુશન બની રહે તેવા યુઝર ફ્રેન્ડલી બનાવવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વેબસાઈટ અને મોબાઈલ એપ લોન્ચિંગ તથા આકર્ષક બ્રોશરનું અનાવરણ રાજ્યમંત્રી મંડળના વરિષ્ઠ મંત્રીઓ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુત, રાજ્યમંત્રી હર્ષ સંઘવી તથા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિભાગના રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિમાં કર્યું હતું. VG-2024 વેબસાઈટ ઓનલાઈન રજિસ્ટ્રેશન તેમજ વ્યક્તિઓ, પ્રતિનિધિમંડળો અને સમિટ દરમિયાન યોજાનારી ઈવેન્ટ્સમાં ભાગ લેવા માટે રસ ધરાવતા રોકાણકારોની સુવિધા માટે આ યુઝર-ફ્રેન્ડલી વેબસાઈટ ગુજરાત સરકારની નીતિઓ, વિવિધ પરિમાણોમાં રાજ્યના પર્ફોર્મન્સ અંગેનો ડેટા અને સંભવિત પ્રતિષ્ઠિત રોકાણો અને પ્રોજેક્ટ્સની યાદીનું એક સમગ્ર સંકલન બની રહેશે તેમ મુખ્યમંત્રીએ આ તકે જણાવ્યું હતું. આ એપ એન્ડ્રોઈડ અને iOS એમ બંને મોબાઈલ પ્લેટફોર્મ્સ પર ઉપલબ્ધ થશે. સમિટમાં યોજાનારી વિવિધ ઈવેન્ટ્સને વેબસાઈટ અને એપ્લિકેશન દ્વારા ટ્રેક કરી શકાશે.

# ખંભાળિયાના લોકમેળાને મન ભરીને માણતા શોખીનો: આજે મંગલ પૂર્ણાહુતિ





(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળિયા, તા.૨૧

ખંભાળિયા શહેર નજીક આવેલા શક્તિનગર વિસ્તારમાં શ્રી શિરેશ્વર મહાદેવ મંદિરના વિશાળ પટાંગણમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવી લોકમેળાનું ભવ્ય આયોજન સોમવાર તા. ૧૮ થી આજરોજ ગુરૂવાર તારીખ ૨૧ સુધી કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત આયોજિત આ લોકમેળામાં ગઈકાલે મોડીરાત્રી સુધી મેળા શોખીનો મહાલ્યા હતા.

રખ પાંચમના મેળા તરીકે ઓળખાતો અને મીની તરણેતરની ઉપમા પામેલો શિરેશ્વરનો આ લોકમેળો સુવ્યવસ્થિત અને આયોજનબદ્ધ રીતે યોજાય તે માટે ગ્રામ પંચાયત દ્વારા અગાઉથી જ પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. જેના ફળ સ્વરૂપે આ લોકમેળાને ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના લોકોએ મન ભરીને માણ્યો હતો.

ગતરાત્રે પણ મોટી સંખ્યામાં લોકોએ મોડે સુધી વિવિધ રાઈડ્ઝ, મનોરંજનના સાધનો, ખાણીપીણીની મોજ માણી હતી. જેમાં વરસાદના વિઘ્ન વચ્ચે પણ લોકો લોકમેળામાં ઉમટ્યા હતા. જે માટે ગ્રામ પંચાયત દ્વારા તમામ જરૂરી વ્યવસ્થા, સફાઈ કાર્ય વિગેરે કામગીરી કરી હતી. આજરોજ ગુરુવારે ચોથા દિવસે પણ સવારથી લોકો મેળામાં ઉમટી પડ્યા હતા. આજે મોડી રાત્રે આ લોકમેળાની મંગલ પૂર્ણાહુતિ થશે. અહીં તમામ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ પણ ખડે પગે રહ્યા હતા.

# જૂનાગઢની પ્રેમાનંદ સ્કૂલમાં એડવેન્ચર કેમ્પ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિત્તે જૂનાગઢની શ્રી પ્રેમાનંદ સ્કૂલ ખાતે એડવેન્ચર કેમ્પનું આયોજન થયું હતું. વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓમાં સાહસવૃત્તિ ઘટતી જાય છે. મોબાઈલ, ઈન્ટરનેટ, વિડીયો ગેમ્સ તથા અભ્યાસના તાણને કારણે વિદ્યાર્થીઓ સ્ટ્રેસ અનુભવતા થયા છે. ક્યારેક તેમનો સ્વભાવ ચીડિયો પણ થઈ જાય છે. આ ઉપરાંત જો ધ્યાન રાખવામાં ન આવે તો આત્મહત્યાના વિચારો પણ જોવા મળતા હોય છે. આવી સમસ્યાઓના નિવારણ માટે જરૂરી હોય છે એક યોગ્ય માર્ગદર્શન અને તાલીમ. જૂનાગઢમાં આવેલી શિક્ષણને સમર્પિત તેવી શ્રી પ્રેમાનંદ વિદ્યા મંદિર સ્કૂલમાં તાજેતરમાં એક સરસ પ્રયાસ થયો. સંસ્થાના ડાયરેક્ટર ડો. માતંગ પુરોહિતના જણાવ્યા મુજબ સ્કૂલ કેમ્પસ ખાતે જ એક દિવસનો એડવેન્ચર કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં આઠ થી પંદર વર્ષના વિદ્યાર્થીઓને જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. જેમાં ધ્યાન, યોગ, વિવિધ પ્રકારની એક્સરસાઈઝ, ગ્રાઉન્ડ ઈવેન્ટ, પર્વતારોહણ વિશેની સમજ, રેપટાઈલ પરિચય, ટાઈગર લિપ્સ, રેપલિંગ વગેરે જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં કંઈક નવું શીખવાની વૃત્તિ જાગે તથા સાહસિક બને તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ એડવેન્ચર કેમ્પમાં કોચ તરીકે જૂનાગઢના દિપક સોલંકીએ વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પૂજ્ય મુક્તાનંદજી બાપુ તથા ગિજુભાઈ ભરાડ દ્વારા સ્થાપિત શ્રી પ્રેમાનંદ વિદ્યા ધામ ખાતે આ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ થતી હોય છે. જેના દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થતો હોય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ ઉપર ભાર આપવામાં આવેલો છે. તે દિશામાં પ્રેમાનંદ વિદ્યા ધામ તથા તેની ટીમ સતત સક્રિય છે.

# જૂનાગઢમાં સંત ભોજન



જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ અકિલાના પત્રકાર વિનુભાઈ જોષીના નિવાસસ્થાને ગઈકાલે ગણેશચતુર્થી નિમિતે સંતભોજન યોજાયેલ હતું જેમાં જૂનાગઢ ઋષિરાજ આશ્રમના મહંત પુ.બલરામદાસબાપુ તથા પુ.મહેશ્વરીદેવીજી તેમજ મેંદરડા ખાખી મઢી રામજી મંદિરના મહંત પુ.સુખરામદાસબાપુએ પધરામણી કરી ભોજન પ્રસાદ લીધો હતો અને જોષી પરિવારે આ સંતોને આવકાર્યા હતા.

# ઉનાના કાણકબરડા ગામે જાહેરમાં જગાર રમતાં ૮ શખ્સો ઝડપાયા




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૧

ઉનાના કાણકબરડા ગામે બારખડી સીમમાં જાહેરમાં રેઈડ કરતા ૮ શખ્સોને ને જુગારના સાહીત્ય તથા રોકડ- રૂા.૩૭,૧૨૦/-ના જુગારના મુદ્દામાલ સાથે પકડી પાડી તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

# ઉના : ચોરાઉ મોટરસાઈકલ સાથે આરોપી ઝડપાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૧

ઉના પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન ઉમેજ ગામના પાટીયા પાસે એક ઈસમ ચોરીયાવ બજાજ કંપનીનું સી.ટી૧૦૦ મો.સા. લઈને ઉભેલ છે તેવી હકીકત મળતાં તુરંત હકીકત વાળી જગ્યાએ આવતા મજકુર ઈસમનું નામ-ઠામ પુછતાં પોતે પોતાનું નામ સોહીલભાઈ ઈકબાલભાઈ નાયા મુસ્લીમ ઉ.વ.૧૯ ધંધો-મજુરી રહે, મોટીમોલી કે જાગતશા પીરની દરગાહ પાસે તા.ઉના જી.ગીર સોમનાથવાળો હોવાનું જણાવતો હોય અને મજકુર પાસેની મો.સા બજાજ કંપનીનું બ્લેક બ્લુ કલરનું સી.ટી ૧૦૦ જેના રજી.નં- જીજે-૦૪-ડીએચ-૬૧૯૨ કિ.રૂા.૩૦૦૦૦/-સાથે ઝડપી લીધેલ છે.

### ગુજરાત રાજય એન.એસ.એસ. સેલ દ્વારા

# પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે સૌપ્રથમવાર ખડક ચઢાણની તાલીમમાં એનએસએસના સ્વયં સેવક બહેનો જોડાશે

### તા.૨૮ સપ્ટેમ્બર સુધી યોજાનાર ખડક ચઢાણ તાલીમમાં ૧૨ યુનિ.ના ૫૯ એન.એસ.એસ.ના સ્વયં સેવક બહેનો જોડાશે





જૂનાગઢ, તા.૨૧

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર ઉપક્રમે પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ અને રાજય એન.એસ.એસ. સેલ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગર આયોજીત ભક્તકવિ નરસિહ મહેતા યુનીવર્સીટી જૂનાગઢ પ્રાયોજીત ખડક ચઢાણ બેઝિક કાર્સ તા.૧૯/૯/૨૦૨૩ થી તા. ૨૮/૯/૨૦૨૩ દરમ્યાન જૂનાગઢ ખાતે વિવિધ ૧૨ યુનીવર્સીટીના ૫૯ જેટલા એન.એસ.એસ.નાં સ્વયં સેવક (બહેનો) જોડાયા છે જેમાં ભક્તકવિ નરસિહ મહેતા યુનીવર્સીટી જૂનાગઢ – ૪, સી.વી.એમ. યુનીવર્સીટી વલ્લભ વિદ્યાનગર - ૪, ગુજરાત યુનીવર્સીટી અમદાવાદ – ૫, હેમચંદ્રાચાર્ય ઉ.ગુજરાત યુનીવર્સીટી પાટણ -૬, કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર - ૨, સાર્વજનિક યુનીવર્સીટી સુરત - ૨, સૌરાષ્ટ્ર યુનીવર્સીટી રાજકોટ -૧૨, સિલ્વર ઓક યુનીવર્સીટી અમદાવાદ - ૪, શ્રી ગોવિંદ ગુરૂ યુનીવર્સીટી ગોધરા -૪, ભગવાન મહાવીર યુનીવર્સીટી સુરત -૪, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ - ૪, ગુજરાત ટેકનોલોજી યુનીવર્સીટી-૭ અને ૧ વ્યકિતગત રીતે મળી કુલ ૫૯ બહેનો જોડાયા છે.

તા.૧૯ સપ્ટેમ્બરના રોજ ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો જેમાં કાર્યક્રમના અધ્યક્ષ ભક્તકવિ નરસિહ મહેતા યુનીવર્સીટી જૂનાગઢના રજીસ્ટાર ડો.ડી.એચ.સુખડીયા, પી.એ. ટૂ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર રાજુભાઈ ગૌસ્વામી, ઓ.એસ. રાજય એન.એસ.એસ. સેલ દેવાંગ પંડયા, નરસિહ મહેતા યુનીવર્સીટી કો.ઓડીનેટર ડો.પરાગ દેવાણી, આસી. પ્રોફેસર પ્રોગ્રામ ઓફિસર ગુજરાત વિદ્યાપીઠ ડો.નિરજ સીલાવટ, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ, નોડલ ઓફિસર ડો.રૂપલબેન ડાંગર, ડો.દીનાબેન લોઢીયા, ભૂતપુર્વ પ્રિન્સીપાલ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટઆબુ કમલસીંગ રાજપૂત, રાજય એન.એસ.એસ. સેલ અવકાશ પટેલની ઉપસ્થિતીમાં યોજાયો ગયો.

કાર્યક્રમમાં શાબ્દિકસ્વાગત તથા શિબિર અંગેની માહિતી ઉપેન્દ્રસિંહ રાઠોડ ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ એ આપી હતી. ડો.રૂપલબેન ડાંગરે શીબીરાર્થીઓને જીવનમાં સમયના સદ્‌ઉપયોગ કરતા અને ડો.દીનાબેન લોઢીયાએ પ્રકૃતિ વચ્ચે રહીને ઘોંઘાટ, પ્રકાશ, મોબાઈલથી દુર રહેવાની યોગ્ય તક ઝડપી લેવા કહ્યું હતું. ડો.નિરજ સિલાવટે શિબિરાર્થી બહેનોને સરકાર દ્વારા મહિલાઓ માટે ખાસ આ પ્રકારની તાલીમની અગત્યતા વિશે સમજ આપી સાથો સાથ મહિલાઓનો સમાજમાં મહત્વ વધારવા ઉપર ભાર આપ્યો હતો. દેવાંગ પંડયાએ રાજય એન.એસ.એસ. એલ દ્વારા બહેનો માટે ચલાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે સમજ આપી હતી. અને ડો.પરાગ દેવાણીએ પર્વતારોહણની પ્રવૃત્તિ સાથો સાથ વન સંરક્ષણની આપણી જવાબદારી ગણાવી હતી.

કાર્યક્રમના અંતે તમામ શીબીરાર્થી બહેનોને ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી દ્વારા લેપટોપબેગ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આભાર વિધિ પ્રદીપકુમારે કરી હતી. કાર્યક્રમનું સંચાલન મિના ગોહિલ, આર્યા પટેલ એન.એસ.એસ.નાં સ્વયં સેવક દ્વારા કરવામાં આવેલ. ભક્તકવિ નરસિહ મહેતા યુનીવર્સીટી જુનાગઢના વાઈસ ચાન્સેલર ડો.ચેતન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શિબિર યોજાઈ રહેલ છે. આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં પ્રદીપકુમાર રાજસ્થાન, પુરમ દેવડા બનાસકાઠા, પ્રિયા મયાત્રા જૂનાગઢ, ઉમંગ વેકરિયા સુરત, વિવેક ડાભી જસદણ, જાગૃતિ ચાવડા ભાવનગર માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપશે.

# શ્રી ગણેશ ઉત્સવ નિમિત્તે જૂનાગઢ સંગ્રહાલયનું ખાસ આયોજન

### ભગવાન શ્રી ગણેશની ઈકો ફ્રેન્ડલી પ્રતિમા બનાવવા માટે તા. ૨૪ સપ્ટેમ્બરે સ્પર્ધા : રજીસ્ટ્રેશનનો પ્રારંભ

જૂનાગઢ, તા.૨૧

વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશજીના મહોત્સવનો ધામધૂમપૂર્વક પ્રારંભ થયો છે, ત્યારે ગણેશ ચતુર્થીને ધ્યાનમાં રાખી જૂનાગઢ સંગ્રહાલય દ્વારા વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે.

જૂનાગઢ સંગ્રહાલયના ક્યુરેટર ડો. સેફાલીકા અવસ્થી આ અંગે વિગતો આપતા કહે છે કે, જૂનાગઢ મ્યુઝિયમના ઓપેરા હાઉસ ખાતે તા.૨૨ સપ્ટેમ્બરના રોજ મીટ એટ ધ મ્યુઝિયમ કાર્યક્રમ અંતર્ગત 'વૈશ્વિકરણ અને વૈશ્વિક ભગવાન શ્રી ગણેશજી' ઉપર બપોરે ૪ કલાકે એક ટોક એટલે કે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો. સેફાલીકા અવસ્થી વ્યકતવ્ય આપશે. ઉપરાંત તા.૨૪મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ થી બપોરના ૨ વાગ્યા દરમ્યાન ઈકોફ્રેન્ડલી ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમા બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેનારે પર્યાવરણ અનુકૂળ એવી માટી, લેન્ટીલ્સ, જૂટ, ન્યુઝપેપર, કાગળ, કાપડ વગેરેમાંથી ગણેશજીની પ્રતિમા તૈયાર કરવાની રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે મો.૮૩૨૦૦ ૮૨૭૪૨ ઉપર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ સ્પર્ધાના અંતે આકર્ષક ઈનામો અને પ્રમાણપત્રો પણ આપવામાં આવશે. તેમ ક્યુરેટર ડો. સેફાલીકા અવસ્થીએ ઉમેર્યું હતું.

# જૂનાગઢ ગ્રામ્ય અને જીલ્લા કક્ષાની નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા યોજાશે

### આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુવક ઉમેદવારોએ તા.૨૬ સપ્ટેમ્બર સુધી અરજી કરવી

જૂનાગઢ, તા.૨૧

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરીત, કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ સંચાલિત જૂનાગઢ ગ્રામ્ય અને જૂનાગઢ શહેર જિલ્લા કક્ષા નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા યોજાનાર છે.

આ સ્પર્ધામાં પ્રાચીન ગરબા તથા અર્વાચીન ગરબામાં ૧૪થી ૩૫ વર્ષના બહેનો ભાગ લઈ શકશે. જ્યારે રાસની સ્પર્ધામાં ૧૪ થી ૪૦ વર્ષ સુધીના ભાઈઓ/બહેનો ભાગ લઈ શકશે. રાસ તથા પ્રાચીન-અર્વાચીન ગરબાનો સમય ૬ થી ૧૦ મીનીટનો રહેશે. રાસ તથા પ્રાચીન, અર્વાચીન ગરબામાં ભાગ લેનાર વ્યકતીઓની સંખ્યા ૧૨ થી ૧૬ રાખી શકાશે અને સાથે સંગીતકાર ૪ રાખી શકાશે. આ સ્પાર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નિયત પ્રવેશપત્ર જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બ્લોક નંબર ૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ-૩૬૨૦01 ખાતેથી સંપર્ક કરી મેળવી તા.૨૬/૯/૨૦૨૩ સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમ્યાન તથા કચેરી સમય દરમ્યાન જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ ખાતે પહોંચાડવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્ર સ્વીકાર્ય રહેશે નહી, નિયત સમય મર્યાદામાં પ્રવેશપત્ર મોકલનારને સ્પર્ધાના તારીખ અને સ્થળની જાણ કરવામાં આવશે એમ જિલ્લા યુવા વિકાસઅધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ જીલ્લા રોજગાર કચેરી દ્વારા આવતીકાલે ભરતી મેળો યોજાશે

### ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ આઈ.ટી.આઈ./ ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર બેરોજગાર માટે તક

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ જિલ્લાનાં ઉત્સાહી અને ઉર્જાવાન રોજગાર ઈચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ એક્ઝેકટ મશીન પ્રા.લી. જૂનાગઢ તથા મુંદ્રા સોલાર ટેકનોલોજી(અદાણી સોલાર) એચ.આર. ટેલેન્ટ સોલ્યુશન પ્રા.લી.ના કરાર ઉપર મુંદ્રા ખાતે ખાલી પડેલ વિવિધ જગ્યાઓ માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ આઈ.ટી.આઈ./ ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી 'બી' વિંગ પ્રથમ માળ, બહુમાળી ભવન સરદાર બાગ, જુનાગઢ ખાતે તા. ૨૨/૦૯/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવેલ છે.

આ ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજીસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup ઉપરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબફેર મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમ્યાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ મારફત સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# ઘરેથી નીકળી ગયેલ તરૂણીને આશ્રય અપાવતી જૂનાગઢ ૧૮૧ મહિલા હેલ્પલાઈન

જૂનાગઢ, તા.૨૧

૧૮૧ મહિલા હેલ્પલાઇન જૂનાગઢ રાત્રી દરમ્યાન એક જાગૃત નાગરિક દ્વારા જાણવા મળેલ કે એક તરુણી મળી આવેલ છે. જે બીજા જિલ્લાના રહેવાસી છે અને તેમના માતા-પિતા હયાત ના હોય અને કાકા કાકી તેમને રાખતા ના હોય જેથી તેમની મદદ માટે ૧૮૧ ટીમની જરૂર છે. ૧૮૧ ટીમ ઉપરના કર્મચારી પ્રિયંકા ચાવડા મહિલા પોલિસ મધુબેન અને પાયલોટ અલ્પેશભાઈ સ્થળ ઉપર દોડી ગયા હતા. તરુણીને મળી અને તેને આશ્વાસન આપેલ અને તરૂણીનું કાઉન્સિલિંગ કરીને સમસ્યા જાણેલ કે તરુણીના માતા-પિતા હયાત ના હોય અને તેમના કાકા કાકી તેમને રાખતા ના હોય તરૂણી ને તેમના કાકા કાકિ શારિરીક અને માનસિક ત્રાસ આપતા હતા. તરૂણીની ઉંમર નાની હોય પરંતુ તેમના કાકા કાકી તેમની ખોટી ઉંમર દેખાડી તેમના એકવાર લગ્ન કરાવેલ જે તૂટી ગયેલ હતા. તરૂણી આશરે પંદર દિવસથી જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં જયાં ત્યાં આશરો શોધીને રહેતા હોય તેઓ તેમના બહેનના ઘરે રહેવા માટે ગયેલ પરંતુ બહેને રહેવાની ના પાડતા તેઓ ફરી જૂનાગઢ આવી ગયા હતા. ત્યારે આ તરૂણી ફૂટપાથ ઉપર સુતા હોય ત્યાં છોકરાઓ તેમને હેરાન કરતા હતા તે દરમ્યાન પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં નીકળતા તેમની ઉપર ધ્યાન પડેલ તેમની પુછતાછ કરતા જાણવા મળેલ કે તેઓ પાસે કોઈ સગાનો ફોન નંબર કે કોઈ સરનામું ના હોય તેમ જ તેમના સગા સંબંધીઓ જૂનાગઢમાં રહેતા ના હોય માટે તરૂણીને તાત્કાલિક આશ્રયની જરૂર જણાતાં હાલ તરૂણીને સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય આપવામાં આવ્યો છે.

# વનવાસી કલ્યાણ પરીષદ દ્વારા છોટાઉદેપુર જીલ્લાનાં અંતરીયાળ વનવાસી ક્ષેત્રમાં યોજાઈ ચિકીત્સા શિબીર

### જૂનાગઢનાં જાણીતા ફીજીશીયન ડો.મુકેશ પાનસુરીયાની આગેવાનીમાં નિષ્ણાંત તબીબો અને કાર્યકર્તાઓની અનેરી સેવા









જૂનાગઢ, તા.૨૧

ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ જૂનાગઢ એકમ દ્વારા છોટાઉદેપુર જિલ્લાનાં પાવીજેતપુર તાલુકાનાં સાલોજ અને નસવાડી તાલુકાનાં ધામેશીયા ગામોએ ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. મેડીકલ કેમ્પનું આયોજન જૂનાગઢ વનવાસી કલ્યાણ પરીષદનાં જિલ્લાધ્યક્ષ ડો.પ્રવિણ સોજીત્રાનાં માર્ગદર્શન તળે ડો.મુકેશ પાનસુરીયાની આગેવાની કરવામાં આવ્યું હતું. ગિર-ગિરનારનાં વનપ્રદેશનાં નગરજનોએ છેક નસવાડી તાલુકાનાં અંતરીયાળનાં ગ્રામમાં વસતા વનબાંધવોનાં સ્વાસ્થ્યની ખેવના કરવા વસુદૈવકુટુંબક્કમની ઉદાત ભાવના પ્રતિપાદિત કરી હતી. આ ચિકીત્સા શિબિરમાં બાળરોગ નિષ્ણાંત ડો.ભરતભાઈ વોરા, નયનાબેન વોરા, અસ્થિજન્ય રોગોનાં નિષ્ણાંત ડો. ચિરાગ પાનસુરીયા, દંતચિકીત્સા નિષ્ણાંત ડો. અનિલ રૈયાણી, ચર્મરોગ નિષ્ણાંત ડો. કેયુર ચોવટીયા, ડો. મહેન્દ્ર તારપરા અને રશ્મીબેન તારપરા, ડો. જયદીપ માલવિયા, સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. કાજલ સુહાગીયા, ઓર્થોપેડીક સર્જન ડો. યશ ઠાકર સહિત કાર્યકર્તા સર્વશ્રી રોહિતભાઈ લાખાણી, રામજીભાઈ રાબડીયા, શ્યામ લાખાણી, પ્રફુલભાઈ વણપરિયા, અશ્વિનભાઈ પોશિયા, છગનભાઈ સાંગાણી, ચંદુભાઈ સુવાગીયા, ગીરીશભાઈ પોશિયા, પ્રફુલભાઈ પટોળીયા, કિશોરભાઈ ઠુંમર, કિશનભાઈ સોજીત્રા, સંજયભાઈ ચોવટીયા, મનીષાભાઈ દેસાઈ, રામજીભાઈ ગજેરા, અશ્વિનભાઈ પટેલ, મોહનભાઈ વડોદરિયા, દિનેશભાઈ વેકરીયા, જયદીપભાઈ ખૂટ, જેઠાભાઈ લાખાણી, ધર્મેશભાઈ મંગલાણી, હરેશભાઈ કાવાણી, દિલીપભાઈ સોંદરવા, મિલનભાઈ માલવિયા, જયશ્રીબેન બારડ, બાબુભાઈ ઉસદડીયા, રામજીભાઈ ડોબરીયા, જયેન્દ્રભાઈ મેઠીયા, દુશ્યંતભાઈ, રમેશભાઈ ભિમાણી,શ્રી સહિત કાર્યકર્તાઓની ટીમ ચિકિત્સા શિબિર માટે છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારના વનવાસી બાંધવોના સ્વાસ્થ્યની ચિંતા કરવા માટે ચિકિત્સા શિબિરના ભાગરૂપે પહોંચી હતી. વનક્ષેત્રનાં બાંધવોનાં આરોગ્ય ચિકીત્સા શિબીરની વડોદરા રીજીયનનાં મુખ્યવન સંરક્ષકશ્રી અંશુમન શર્માએ રુબરૂ મુલાકાત લઈ સૈરાષ્ટ્રની સેવા પરાયણતાની ગુંજ દક્ષિણ ગુજરાતનાં વનક્ષેત્રમાં ગુંજતી કરવા બદલ સૌ કાર્યકર્તાઓને બિરદાવ્યા હતા.

વનવાસીકલ્યાણ પરિષદનાં પ્રદેશ કારોબારીનાં જેન્તીભાઈ પટેલ, ચંદ્રકાન્તભાઈ રાવલાણી, શ્રી પંચાલ, અરવિંદભાઈ રાઠવા, ગાયત્રીબેન વ્યાસ સહિત હોદેદારોએ ગુજરાત વનક્ષેત્રમાં કાર્યકર્તા ભાઈ બહેનોના પ્રયાસથી ચિકિત્સા ભરપુર વરસાદ સાથે કુદરતના સાનિધ્યમાં ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં ૬૭ ચિકિત્સા શિબિર સફળતાપૂર્વક સંપન્ન કરી છે. ડોક્ટર મિત્રો, ફાર્માસિસ્ટ મિત્રો, કાર્યકર્તા ભાઈ બહેનોના સખત પરિશ્રમથી મેડિકલ કેમ્પનું આયોજન શક્ય બને છે. ચિકિત્સાશિબીરોને સફળ કરવા માટે દવા ઉત્પાદક મિત્રોનો પણ ખૂબ સારો સહકાર પ્રાપ્ત થયો છે. ૧૦ જિલ્લાના ૨૨ તાલુકામાં કુલ ૬૭ ચિકિત્સા શિબિરમાં ૧૧૨૦૭ દર્દીઓએ ૨૨૭ ડોક્ટરો પાસે પોતાના શારીરિક સ્વાસ્થ્યની નીદાન સારવાર કરાવી હતી. જેમાં ૧૯૦ જેટલા ફાર્માસિસ્ટ ભાઈ બહેનોએ સેવા આપી હતી. આ ૬૭ મેડિકલ કેમ્પમાં ૩૬૫ ગામના લોકોએ સ્વાસ્થ્યની સારવાર મેળવી હતી. આ સેવા કાર્યમાં ૩૦૯ નગરીય કાર્યકર્તાઓ અને ૮૨૩ ગ્રામીણ કાર્યકર્તાઓ મળીને ૧૧૩૨ કાર્યકર્તાઓએ સેવાઓ આપી હતી.

આગામી દિવસોમાં વધુ ૫૦ મેડિકલ કેમ્પનું આયોજન થનાર છે. અત્યાર સુધીમાં વનવાસી બાંધવોના સ્વાસ્થ્ય અને તેમની સાથે વાસુદેવ કુટુંબકમની ભાવના જાગ્રત બને તે રીતે આયોજીત થઈ રહેલા ચિકિત્સા શિબીરોમાં વાપી, ધરમપુર, વડોદરા, અમદાવાદ, સુરત, બારડોલી, ભરૂચ, જૂનાગઢ, દાહોદ, ડભોઈ, વઘઈ, આહવા, લીમડી વગેરે સ્થાન પરથી મેડિકલ ટીમનો સહકાર પ્રાપ્ત થયો છે. જ્યારે આગામી સમયમાં ડીસા, ધાનેરા, પાલનપુર, હિંમતનગર, ભિલોડા, મેઘરજ, અંકલેશ્વર, વ્યારા, સોનગઢ, બારીયા, વગેરે સ્થાન પરથી ચિકિત્સા ટીમ સેવા આપવા જશે. અત્રે ઉલ્લેખની છે કે વનવાસિ ક્ષેત્રમાં આયોજિત કરવામાં આવી રહેલ અને આયોજિત કરવામાં આવેલ મેડિકલ કેમ્પ માટે દવાઓનો મોટા પ્રમાણમાં જરૂરિયાત થાય તે સ્વાભાવિક છે. આ માટે વડોદરા, અમદાવાદ, સુરત, વાપી તથા જુનાગઢ વગેરે સ્થાન પરથી વિવિધ દવા ઉત્પાદકો, દવા વિક્રેતાઓ તથા સેવાભાવી સંસ્થાઓ દ્વારા સહયોગ રૂપે સારા એવા પ્રમાણમાં દવાઓ ઉપલબ્ધ થઈ રહી છે, આગામી સમયમાં આ જ રીતે સર્વના સહયોગથી શ્રેષ્ઠ ૫૦ ચિકિતા શિબિર ૮ મી ઓક્ટોબર સુધીમાં સંપન્ન થશે. એવો વનવાસી કલ્યાણ પરિષદ વિશ્વાસ વ્યક્ત કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે જગ્યાએ વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવે છે તે જગ્યા ઉપર ગાંધી જયંતીથી લઈને નવરાત્રીના પ્રારંભ સુધી સતત ૧૫ દિવસ સુધી વ્યસન મુક્તિ અભિયાન હાથ ધરવામાં આવશે. ગામેગામ ભીત સૂત્ર લખાશે, તથા સમાજ જાગૃતિ માટે ૭૫ થી ૧૦૦ જેટલા સ્થાન પર વ્યસન મુકતી રેલીનું આયોજન કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# આંતરરાષ્ટ્રીય બાબતોમાં ભારત નિર્ણાયક ભૂમિકામાં

ભારતે જી-૨૦ શિખર સંમેલનમાં કૂટનીતિક કુશળતાથી વિશ્વ સ્તર પર જે પ્રતિષ્ઠા હાંસલ કરી છે, તેનાથી સંક્રમણકાળમાંથી પસાર થઈ રહેલ વૈશ્વિક પરિદૃશ્યમાં ભારતની નેતૃત્વ ક્ષમતા પર મહોર લાગી છે. આ જ પ્રકાશમાં સ્થાપના કાળથી કંઈક મોટાં રાષ્ટ્રોના વર્ચસ્વવાળા સંયુક્ત રાષ્ટ્રની કાર્યશૈલી પર વડાપ્રધાન મોદીએ સવાલ પણ ઊભા કર્યા છે. સંયુક્ત રાષ્ટ્રમાં સુધારાનેઅનિવાર્ય ગણાવતાં તેમણે ચેતવ્યા પણ છે કેજે સંગઠન સમયની જરૂરિયાતના હિસાબે બદલાતું નથી, તે પોતાની પ્રાસંગિકતા ગુમાવી દે છે. બીજા શબ્દોમાં, તેઓ સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં સુરક્ષા પરિષદ અને અન્ય સંગઠનોના સ્વરૂપમાં બદલાવની વકીલાત કરી રહ્યા હતા. એટલે જ તેમણે કહ્યું કે બહેતર ભવિષ્ય માટે વૈશ્વિક વ્યવસ્થાઓનું વાસ્તવિકતાને અનુરૂપ હોવું જોઈએ.

આ એક કડવું સત્ય છે કે સંયુક્ત રાષ્ટ્રની સ્થાપનાના સમયની પરિસ્થિતિઓ હાલની સ્થિતિ કરતાં બહુ જ અલગ હતી. ત્યારે યુએનમાં માત્ર ૫૧ સંસ્થાપક સદસ્યો હતા. જ્યારે આજે તેની સંખ્યા બસોની નજીક પહોંચી ગઈ છે. દુનિયા સામે નવા પડકારો છે.પાછલા દાયકાઓમાં ઝડપથી બદલાવ આવ્યો છે પરંતુ સુરક્ષા પરિષદમાં એ જ પાંચ સદસ્યોનું વર્ચસ્વ છે, જે સંયુક્ત રાષ્ટ્રના ફેંસલા લાગુ થવાથી રોકવા માટે પોતાની સુવિધાના હિસાબે વીટોનો પ્રયોગ કરે છે. જેને કારણે છેલ્લા કેટલાક દાયકામાં કેટલાય ક્ષેત્રીય મંચ પોતાની જરૂરિયાતોના હિસાબે બન્યા છે અને તે સફળતાની કહાની પણ લખી રહ્યા છે.

એ દર્શાવે છે કે યુએન જેવી વૈશ્વિક સંસ્થાને પોતાની પ્રાસંગિકતા બનાવી રાખવા માટે સંગઠનમાં સુધાર જરૂરી છે. એમાં બેમત નહીં કે દિલ્હી શિખર સંમેલન દરમ્યાન ભારત દ્વારા દર્શાવવામાં આવેલ કૂટનીતિક કૌશલથી આપણી સંયુક્ત રાષ્ટ્ર સંઘ સુરક્ષા પરિષદમાં સ્થાયી સદસ્યતાની દાવેદારી મજબૂત થઈ છે. બીજી તરફ નવી દિલ્હી ઘોષણા પત્રને અમલમાં મૂકવાની પ્રતિબધ્ધતા દર્શાવે છે કે ભારત વૈશ્વિક મુદ્દાઓના સમાધાન પ્રત્યે ગંભીર છે.

અસલમાં દિલ્હી ઘોષણાપત્રને વિપરીત ધ્રુવોથી મળેલા સમર્થનનું પણ મુખ્ય કારણ એ છે કે ભારતે 'વસુધૈવ કુટુંબકમ'ની અવધારણા અંતર્ગત જ નીતિઓને સંમેલનના પટલ પર મૂક્યું. જેને સકારાત્મક પ્રતિસાદ પણ મળ્યો. તેનાથી જ્યાં અમેરિકા, ચીન, રશિયા સહમત દેખાયા, ત્યાં જ વિકાસશીલ દેશોનું પણ સમર્થન મળ્યું. એ જ રીતે વૈશ્વિક વિશ્વાસમાં ઉણપને વિશ્વાસ અને નિર્ભરતામાં બદલવાના આહ્વાનને પણ મુખ્ય રાષ્ટ્રાધ્યક્ષોએ ગંભીરતાથી લીધું. જેનાથી દુનિયામાં એ સંદેશ ગયો કે દિલ્હીમાં જે વિષયો પર સહમતિ બની છે, તેમને હકીકતમાં બદલવા માટે ભારત પ્રયાસરત છે.

નિઃસંદેહ, કોરોના સંકટ અને રશિયા-યુક્રેન યુદ્ઘને કારણે પેદા થયેલ વિષમ પરિસ્થિતિઓ વચ્ચે ભારત દ્વારા જી-૨૦ સંમેલનના સફળ આયોજનથી દેશની છબિ ઉજ્જ્વળ થઈ છે. સંદેશ ગયો કે ભારત આંતરરાષ્ટ્રીય બાબતોમાં નિર્ણાયક ભૂમિકા નિભાવવાની સ્થિતિમાં છે. બીજું, ભારતે સંમેલન દ્વારા એ મુદ્દા ઉઠાવ્યા છે, જે તમામ વિકાસશીલ દેશોને પરેશાન કરે છે. જેમ કે વિકાસશીલ દેશોના વધતા દેવા, જળવાયુ પરિવર્તનના પડકાર, ખાદ્ય સુરક્ષા પર સંકટ, મોંઘવારી જેવા મુદ્દા તેમાં સામેલ છે. કહી શકાય કે ભારતે ગ્લોબલ સાઉથની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં મોટી ભૂમિકાની જરૂરિયાત ગણાવી છે. સંદેશ આપ્યો છે કે હવે ગરીબ અને વિકાસશીલ દેશોને નજરઅંદાજ નહીં કરી શકાય. તેમની સમસ્યાઓનું સમાધાન તાકાતવર દેશોના વર્ચસ્વવાળી સંસ્થાઓથી સંભવ નથી. ભારત માટે એ સારો સંદેશ ગયો કે તેણે કોરોના સંકટ દરમ્યાન તમામ ગરીબ અને વિકાસશીલ દેશોની મદદ કરી, જ્યારે મોટી શક્તિઓ આત્મકેન્દ્રિત રહી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે ભગવાનના શરણે હોય તેને કોઈ ચિંતા નથી રહેતી.
- ઋગ્વેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા સુદ-૬ ચંપા છઠ્ઠ, સૂર્ય છઠ્ઠ, ભગવાન શ્રી બલરામ જન્મોત્સવ, કાર્તિકસ્વામી દર્શન તા.૨૧ સપ્ટેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૫, અનુરાધા નક્ષત્ર, પ્રીતિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૪૦, સૂ.અ.૬:૪૮

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નવિન મુલાકાત લાભદાયી નીવડે. જીવનસાથીનું આરોગ્ય સંભાળવું.
વૃષભ: મનની મુરાદ બર આવે. માનસિક આનંદ-ઉત્સાહ વિશષ રહે.
મિથુન: આવકમાં વૃધ્ધિ થાય. ધંધા-વ્યવસાયમાં લાભ થાય.
કર્ક: નવિન આયોજનમાં સફળતા મળે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય.
સિંહ: ગુપ્ત ચિંતા સતાવે, આરોગ્ય જોખમાય, ગૃહવિવાદના ભોગ બનવું પડે.
કન્યા: વડીલ વર્ગ કે ઉપરી અધિકારીના સહકારથી લાભ મળે. નવિન યોજના પાર પડે.
તુલા: વાણી ચાતુર્યથી કામ સફળ થાય. આકસ્મીક ધન લાભ.
વૃશ્ચિક: મિલન-મુલાકાતમાં સફળતા મળે. માંગલિક કાર્યનું આયોજન થાય.
ધન: નવું સાહસ ન કરવું હિતાવહ. વ્યર્થ દોડા-દોડી રહે.
મકર: કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે. વિરોધીઓને પીછેહટ કરવી પડે.
કુંભ: યશ, માન, કીર્તિમાં વધારો થાય. સાસરા પક્ષ તરફથી લાભ મળે.
મીન: દાન-ધર્મ પાછળ ધન વ્યય થાય. અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય.

# તરણેતર પશુ પ્રદર્શન હરિફાઈ : દેશી ઓલાદની પશુ જાતોને પ્રોત્સાહિત કરવાનો અનોખો પ્રયાસ

## દેશી ઓલાદની જાતોને પ્રોત્સાહિત કરવા પશુપ્રદર્શન હરિફાઈ આશિર્વાદરૂપ પશુપાલકો માટે ઈનામ કરતાં પણ વધુ મહત્વનું તેની ઓલાદનું સન્માન



ગાંધીનગર તા.૨૧

ગુજરાતની પ્રગતિમાં પાયારૂપ એવા પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકાના તરણેતર ખાતે પશુ-પ્રદર્શન હરિફાઈ યોજવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ૧૮ સપ્ટેમ્બર (ભાદરવા સુદ ત્રીજ) થી ૨૦સપ્ટેમ્બર (ભાદરવા સુદ પાંચમ) દરમિયાન પશુ પ્રદર્શન હરિફાઈનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેનો આજે અંતિમ દિવસ છે. આ વર્ષે ગીર ગાય વર્ગમાં ૫૯, કાંકરેજ ગાયમાં ૩૯, જાફરાબાદી ભેંસમાં ૩૮ અનેબન્ની ભેંસમાં ૩૨ પશુઓની નોંધણી થયા બાદ આ પશુ પ્રદર્શન હરિફાઈમાં પશુઓ વચ્ચે હરિફાઈ થઈ હતી. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૮માં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આરંભાયેલી આ પશુપ્રદર્શન હરિફાઈ વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને દિશાનિર્દેશ હેઠળ યોજાઇ છે. ૨૦૦૮થી યોજાતી આ હરિફાઈનો હેતુ શુદ્ધ દેશી ઓલાદના ઉચ્ચ લક્ષણો ધરાવતા પશુઓ - ગીર, કાંકરેજ ગાય, જાફરાબાદી, બન્ની ભેંસના ઉછેરને પ્રોત્સાહન આપવાનો છે. આ હરિફાઈમાં દરેક વર્ગની દરેક કેટેગરીમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય એમ કુલ ૩૬ ઈનામો આપવામાં આવે છે. સર્વ શ્રેષ્ઠ પશુને "ચેમ્પિયન ઓફ ધ શો" તરીકે રૂ. ૫૧ હજારનું ઈનામ આપવામાં આવે છે.

આ હરિફાઈમાં ગાય અને ભેંસ એમ બંને વર્ગની ઓસાદમાં ત્રણ-ત્રણ કેટેગરીમાં ઈમાન આપવામાં આવે છે. ગાયમાં વોડકી, ગાય અને સાંઢ, જ્યારે ભેંસમાં ભેંસ, જોટું (ખડેલી) અને પાડો એમ ત્રણ શ્રેણીમાં ઈનામ આપવામાં આવે છે. જો અન્ય કેટેગરીના ઈનામની વાત કરીએ તો, દરેક વર્ગની કેટેગરીમાં પ્રથમ ઈનામ પેટે રૂ. ૨૫ હજાર, દ્વિતિય ઈનામ પેટે રૂ. ૨૦ હજાર અને તૃત્તિય ઈનામ પેટે રૂ. ૧૫ હજારની રકમ ચૂકવવામાં આવે છે. મહત્વની બાબત એ છે કે, હરિફાઈમાં ભાગ લેતા દરેક પશુઓને આશ્વાસન ઈનામ તરીકે રૂ. ૨ હજાર ચૂકવવામાં આવે છે. આ હરિફાઈના આયોજનનો ઉદ્દેશ સ્પષ્ટ કરતા પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુની ઠાકર કહે છે કે, દેશી ઓલાદની જાતોને પ્રોત્સાહિત કરવામાં આ પ્રકારની પશુપ્રદર્શન હરિફાઈ આશિર્વાદરૂપ બની રહે છે. પશુપાલકો માટે ઈનામ કરતાં પણ વધુ મહત્વનું તેની ઓલાદનું સન્માન હોય છે. પશુપાલકોનું જોમ જળવાઈ રહે તે માટે પશુઓના પરિવહનખર્ચ પેટે પણ પશુપાલન નિયામકની કચેરી દ્વારા આર્થિક સહાય પણ ચૂકવવામાં આવે છે. જેમાં થાન, ચોટીલા, હળવદ, વાંકાનેર અને મૂળી તાલુકા માટે રૂ. ૭૦૦, જ્યારે રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાના અન્ય તાલુકાના પશુઓ માટે રૂ. ૨,૦૦૦ ચૂકવાય છે. અન્ય જિલ્લાઓમાંથી આવતા પશુઓના પરિવહન માટે રૂ. ૪,૦૦૦ ચૂકવાય છે. આ ઉપરાંત ભાગ લેનાર પ્રત્યેક પશુ માટે દૈનિક રૂ. ૫૦૦ લેખે ત્રણ દિવસનો નિભાવ ખર્ચ પણ પશુપાલકને ચૂકવવામાં આવેછે. આમ, ભાતીગળ સંસ્કૃતિ માટે વિશ્વ વિખ્યાત એવો તરણેતર મેળો રાજ્યના દેશી ઓલાદના પશુધનની જાળવણીના પ્રતિકસમો બની રહ્યો છે. તરણેતરનાં પશુ પ્રદર્શન હરીફાઈમાં કચ્છના બન્ની પ્રદેશની ભેંસ "ચેમ્પિયન ઓફ ધ શો" બની કચ્છના બન્ની પ્રદેશની ભેંસ "ચેમ્પિયન ઓફ ધ શો" બની છે. પશુપાલન ખાતાના વરિષ્ઠ અધિકારીશ્રીઓના હસ્તે કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના ધોરી ગામમાં રહેતા રણછોડભાઈ વાલજીભાઈ ગાગલની બન્ની ભેંસને રૂ. ૫૧ હજાર ઈનામ તથા "ચેમ્પિયન ઓફ ધ શો" ટ્રોફી એનાયત કરવામાં આવી છે. તે ઉપરાંત દરેક કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામના વિજેતાઓને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યા છે.

### જૂનાગઢના ઝાંઝરડા ચોકડી પાસેથી ગુમ થયેલ
## બાળકીને ટ્રાફિક બ્રિગેડના જવાનોએ શોધી પરિવાર સાથે મિલાપ કરાવ્યો



જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ શહેરના ઓગળનગર વિસ્તારમાં પોતાના પરિવાર સાથે રહેતી એક નાની બાળકી ક્રિષ્નાબેન સોનાભાઈ કોળી કે જેજેને ઘરેથી દુકાને ભાગ લેવા મોકલેલ હતી પરંતુ તે ઘરનો રસ્તો ભૂલી ગઈ અને છેટ ઝાંઝરડા ચોકડી સુધી પહોંચી ગઈ હતી અને રડવા લાગી હતી જેથી ટ્રાફિક બ્રિગેડને જાણ થતા આ બાળકીનું નામ પૂછી પરિવારની શોધ કરી અને બાળકીના કાકા વિષ્ણુભાઈને ટ્રાફિક પોલીસના જમાદાર ભગીરથસિંહ ડોડીયા, ટીઆરબી રાહુલભાઈ વાસુર, જેઠવા તેજસભાઈ અને દવે મયુરભાઈએ સોંપેલ હતી. જ્યારે બાળકીના કાકાએ ટ્રાફિક પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કોડીનારમાં ગીર સોમનાથ જીલ્લા ગોળ ઉત્પાદક ખેડૂત મંડળની બેઠકમાં મહત્વનો નિર્ણય

## આવતી સીઝનમાં ૨૩૦૦ પ્રતિ ટનના ભાવે રાબડા સંચાલકો શેરડી ખરીદશે

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૧

ગીર સોમનાથ જિલ્લાના શેરડી તથા ગોળ ઉત્પાદક ખેડૂત મંડળની વાર્ષિક સાધારણ સભા પેઢાવડા મુકામે રગતીયા બાપાના સાનિધ્યમાં મંડળના પ્રમુખ બાલુભાઈ જે.ગોહિલના અધ્યક્ષસ્થાને એક બેઠક મળી હતી જેમાં કોડીનાર, તાલાળા, સુત્રાપાડા, વેરાવળ, ગીરગઢડા તથા ઉના તાલુકાના ખેડૂત ભાઈઓ તથા ગોળના વેપારીઓ અને કોલ્ડ સ્ટોરેજના માલિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં શેરડીના ઉત્પાદન તથા ગોળના બજાર ભાવ બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે સર્વનું મતે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, ખેડૂતોને શેરડીના ટન દીઠ રૂા.૨૩૦૦ ખેતર બેઠા ભાવ મળી રહે તેવું ઠરાવવામાં આવ્યું હતું, ચાલુ સાલે સારા વરસાદના કારણે શેરડીનું પણ ઉત્પાદન વધ્યું છે અને નવરાત્રી દરમ્યાન નવા ગોળની સિઝન ચાલુ થઈ શકે તેમ હોય જે ખેડૂતો ગોળ ઉત્પન્ન કરવા માટે નવરાત્રી દરમ્યાન રાબડા ચાલુ કરવાની છૂટ આપવામાં આવી હતી. શેરડીમાં ડિસેમ્બર-જાન્યુઆરીની ફેબ્રુઆરીમાં રિકવરીનું પ્રમાણ વધતાં ગોળની બજાર જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં સુધારો જણાય તો શેરડીના ભાવ રૂપિયા ૨૩૦૦ થી પણ વધારે આપવાનું આ સભામાં ઠરાવવામાં આવ્યું છે. ગીર સોમનાથ ગોળ ઉત્પાદક મંડળમાં નવા હોદ્દેદાર તરીકે માનસિંહભાઈ એચ.મોરી સેક્રેટરી તરીકે અને ગોરધનભાઈ રાજાભાઈ ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.

# સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી સમયે જરૂર જણાય તો આધાર નંબરના માત્ર છેલ્લા ચાર અંકનો જ ઉલ્લેખ કરવો - નોંધણી સર નિરીક્ષક, ગાંધીનગર




## દસ્તાવેજ સમયે ઓળખના પુરાવા તરીકે કચેરીમાં આધાર કાર્ડ રજૂ કરવાનું રહેશે, જે કચેરીના રેકોર્ડ પર જ રહેશે- દસ્તાવેજનો ભાગ નહીં બને

ગાંધીનગરતા.૨૧

આધાર ઈનેબલ પેમેન્ટ સિસ્ટમ-છ ઈ઼ જીના દૂરઉપયોગથી જાહેર જનતાના નાણાના રક્ષણ હેતુથી સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં નોંધણી માટે રજૂ થતાં દસ્તાવેજમાં પક્ષકારોના (દસ્તાવેજ લખી આપનાર, લેનાર તથા ઓળખાણ આપનાર) આધાર નંબરનો ઉલ્લેખ ન કરવા જરૂરી સૂચના પ્રસિદ્ધ કરવામાં આવી હતી તેમ, નોંધણી સર નિરીક્ષક અને સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું છે.

નોંધણી સર નિરીક્ષકશ્રીએ આ સંદર્ભે જાહેર જનતાને જણાવ્યું છે, કે દસ્તાવેજ નોંધણી વખતે સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી અર્થે રજૂ કરવામાં આવે તે દસ્તાવેજમાં કોઈપણ પક્ષકારના આધાર નંબરનો ઉલ્લેખ કરવો નહીં અને જો ઉલ્લેખ કરવો જરૂરી જણાય તો આધાર નંબરના માત્ર છેલ્લા ૪ અંકનો જ ઉલ્લેખ કરવો તથા પ્રથમ આઠ અંકોને બદલે ★★ ★★ ની નિશાની દર્શાવવાની રહેશે.

તેમણે કહ્યું હતું કે, દસ્તાવેજના પક્ષકારો દસ્તાવેજ કરી આપનાર, દસ્તાવેજ કરી લેનાર અને ઓળખ આપનારના ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડની નકલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં પહેલાંની જેમ જ રજૂ કરવાની રહેશે. જ્યારે ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડની નકલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં રજૂ કરવામાં આવે ત્યારે તેને દસ્તાવેજની સાથે જોડીને તેનો ભાગ બનાવવાને બદલે કચેરીના રેકર્ડ ઉપર જ તેની જાળવણી કરવાની રહેશે. આમ, આધાર કાર્ડને ઓળખના પુરાવા તરીકે રજૂ કરવાની મનાઈ કરવામાં આવી નથી, પરંતુ જાહેર રેકર્ડનો ભાગ ન બને તે હેતુથી સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી થયેલ દસ્તાવેજનો ભાગ ન બનાવવાની સૂચના સંબંધિતોને આપવામાં આવી છે તેમ, તેમણે વધુ વિગતો આપતાં ઉમેર્યું હતું.

# ઉનામાં ગણપતિ ઉત્સવની ભાવભેર થઈ રહેલી ઉજવણી






(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૧

ઉનામાં વિઘ્નહર્તા ગણેશજીનો ઉત્સવ આસ્થા સાથે પ્રારંભ કરવામાં આવ્યો હતો. શહેરમાં પોસ્ટ ઓફિસ ચોકમાં ઉના ગામ સમસ્ત દ્વારા પોસ્ટ ઓફિસ ચોકના રાજા, શ્રીજી કોમલેકસમાં સિધ્ધિ વિનાયક ગ્રુપ, ગોંદરા ચોકમાં એ.સી. ગ્રુપ, શિવાજી પાર્ક સામે જનતા યુવા ગ્રુપ, સુવર્ણ બાગ પાસે, દયાનંદ સોસાયટીમાં, તુલસી ધામ સોસાયટી, રામજી મંદિર શેરી, શાસ્ત્રીનગર, વિદ્યા નગર, લાયબ્રેરી ચોક, કોળીવાડા વગેરે વિસ્તારમાં વાજતે ગાજતે ગણપતિ બાપ્પાની મૂર્તિ પધરાવી હતી અને સવાર સાંજ વિવિધ શણગાર આરતી કરવામાં આવે છે. દસ દિવસ દરમ્યાન ઉના શહેર અને તાલુકાભરમાંથી ભકતો ગણેશજીના પંડાલમાં પધારી દર્શનનો લાભ લેશે. દિવસો દરમ્યાન અન્નકુટ દર્શન, બટુક ભોજન, સત્ય નારાયણ ભગવાનની કથા, વિવિધ ધાર્મિક કાર્યક્રમો, ધૂન ભજન કરવામાં આવશે અને દસમાં દિવસે તા.૨૮/૯ને ગુરૂવારે અનંત ચૌદશના દિવસે ભવ્ય વિદાય આપી ઉનાથી આઠ કિલો મીટર દૂર નવા બંદર દરિયામાં ગણપતિજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે.

# ભારતીય રેલ્વે સસ્તામાં કરાવી રહી છે થાઈલેન્ડની ટુર



અમદાવાદ, ૨૧

આ સમાચાર સાંભળીને તો ગુજરાતીઓ જુમી ઉઠશે. છાંટાપાણીના શોખીનોને તો ફાવતુ જડશે. જેટલાં ખર્ચમાં તમે અહીં પાર્ટી કરો છો એટલાં માં તો તમે થાઈલેન્ડમાં ફરી આવશો. જીહાં, ભારતીય રેલવે દ્વારા તમારા માટે ચાવવામાં આવ્યું છે થાઈલેન્ડ ટૂરનું ખાસ પેકેજ એ પણ સાવ સસ્તામાં. ઈઝ્રઝ્ર એટલેકે, ભારતીય રેલ્વે સસ્તામાં કરાવી થાઈલેન્ડની ટુરનું આયોજન કરી રહી છે, જાણો ફી અને પેકેજની વિગતો. થાઈલેન્ડ વિશ્વના મનપસંદ પર્યટન સ્થળોમાંનું એક છે. દર વર્ષે લાખો પ્રવાસીઓ અહીં ફરવા જાય છે. આ પેકેજ ઓક્ટોબર ૨૦૨૩માં શરૂ થશે. જો તમે આ પૅકેજનો લાભ લેવા માગતા હોવ તો ૨૮ ઑક્ટોબરથી ૧લી વચ્ચે મુંબઈથી બૅંગકોક અને પછી બૅંગકોકથી પટાયા જઈ શકો છો. આ પેકેજમાં તમને આવવા-જવા બંને માટે ફ્લાઈટ ટિકિટ મળશે. આ પેકેજમાં તમને ૩ સ્ટાર હોટલમાં રહેવાનો મોકો મળશે. આ પેકેજમાં તમને ૫ બ્રેકફાસ્ટ, ૫ લંચ અને ૫ ડિનરની સુવિધા મળશે. પટાયામાં તમને કોરલ આઈલેન્ડ, અલ્કાઝર શો જોવા મળશે. આ ઉપરાંત, તમને બૅંગકોકમાં મંદિરો વગેરે જેવા ઘણા સ્થળોની મુલાકાત લેવાની તક મળશે. આ પેકેજમાં, તમને દરેક જગ્યાએ એસી બસ અને અંગ્રેજી બોલતી ટૂર ગાઈડ મળશે. જો તમે પેકેજમાં એકલા જાઓ છો, તો તમારે ૬૭,૩૦૦ રૂપિયા ચૂકવવા પડશે, બે લોકો માટે તે ૫૮,૯૦૦ રૂપિયા હશે અને ચાઈનીઝ લોકો માટે તમારે પ્રતિ વ્યક્તિ ૫૮,૯૦૦ રૂપિયા ચૂકવવા પડશે. ઉલ્લેખનીય છેકે, ગુજરાતીઓના થાઈલેન્ડ ફરવા પાછળ અનેક કારણો છે. થાઈલેન્ડ એક એવો દેશ છે જ્યાં કોઈ પણ જવા માગે છે. કહેવાય છે કે, આ સુંદર દેશ કોઈ પણ પ્રવાસીને નિરાશ નથી કરતો. પરંતુ ખાસ વાત એ છે કે પરણેલા પુરુષો થાઈલેન્ડ જવાનું વધુ પસંદ કરે છે.

થાઈલેન્ડનું નામ પડે એટલે ગુજરાતીઓ હાવરા બાવરા થઈ જાય છે. દરેક ગુજરાતીમાં થાઈલેન્ડ જવાનો થનગનાટ હોય છે. કેટલાક તો એવા છે જે દર વેકેશનમાં થાઈલેન્ડ ઉપડી પડે છે. પરંતુ શું તમે ક્યારેય જાણ્યું છે કે ગુજરાતીઓમાં થાઈલેન્ડ જવાનો આટલો ક્રેઝ કેમ છે. એક આંકડા પર નજર કરશો તો ગુજરાતીઓ સૌથી વધુ વિદેશમાં થાઈલેન્ડ જવાનું વધુ પસંદ કરે છે. થાઈલેન્ડ માટે આ પ્રવાસન ઉદ્યોગ પણ નફાકારક સાબિત થઈ રહ્યો છે. તો બીજી તરફ ગુજરાતીઓને એકમાત્ર થાઈલેન્ડ જવા માટે સસ્તા પેકેજ ટુર મળી રહે છે.

## રાજ્યભરની 'જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીઓ' હવે 'જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી' તરીકે ઓળખાશે

ગાંધીનગર તા.૨૧

કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના નિયંત્રણ હેઠળ રાજ્યભરની વિવિધ જિલ્લામાં કાર્યરત 'જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીઓ'નું નવેસરથી નામાભિધાન કરતા હવે આ કચેરીઓ 'જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી' તરીકે ઓળખાશે તેમ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# શું ચૂંટણી પંચની સ્વતંત્રતા ખતમ થઈ રહી છે ? પૂર્વ ચૂંટણી કમિશ્નરોએ શા માટે ચિંતા વ્યક્ત કરી ? સંસદમાં નવું બિલ રજૂ કરવામાં આવી રહ્યું છે

## PM મોદીને પત્ર લખવામાં આવ્યો છે અને તેના ઉપર ત્રણ પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નરોએ પણ હસ્તાક્ષર કર્યા છે

નવી દિલ્હી તા.૨૧

સંસદનું વિશેષ સત્ર સોમવારથી શરૂ થશે. અગાઉ, પૂર્વ ચૂંટણ કમિશ્નરોએ આ સત્રમાં સંભવિતપણે રજૂ કરવામાં આવનાર બિલ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ બિલ મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક અને કેટલીક અન્ય જોગવાઈઓ સાથે સંબંધિત છે. પૂર્વ ચૂંટણી કમિશ્નરો આ મામલે પીએમ મોદીને પત્ર લખવાના છે. તેમનું માનવું છે કે નવું બિલ મુખ્ય ચૂંટણી કમિશ્નરો અને અન્ય કમિશ્નરોને ડાઉનગ્રેડ કરશે. તો ચાલો સમજીએ કે તેમની ચિંતા શું છે અને આ નવું બિલ શું છે. મોદીને લખવામાં આવનાર પત્ર ઉપર ત્રણ પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નરોએ પણ હસ્તાક્ષર કર્યા છે. જેમાં નવા બિલને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ બિલમાં એક જોગવાઈ CEC અને બે ચૂંટણી કમિશ્નરોના પગાર, ભથ્થાં અને સેવાની શરતોને કેબિનેટ સચિવની સમકક્ષ બનાવવાની દરખાસ્ત કરે છે, જે હાલમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સમકક્ષ છે. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નરો માને છે કે આ બિલ દ્વારા તેઓને કેબિનેટ સચિવની સમકક્ષ કરવામાં આવશે તે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય કમિશનરોને ડાઉનગ્રેડ કરવામાં આવશે. પ્રશ્ન એ છે કે શું પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નરોની ચિંતા માત્ર એટલી જ છે ? ના, આ એક માત્ર ચિંતા નથી પણ બીજી બાબત પણ છે. વાસ્તવમાં આ ચિંતા રાજકીય સંકેતો અને ચૂંટણી પંચની સ્વતંત્રતા સાથે જોડાયેલી છે. ઈન્ડિયન એક્સપ્રેસ અનુસાર, સૂત્રોએ જણાવ્યું કે આ મામલો માત્ર પગાર સાથે જોડાયેલો નથી. કારણ કે સુપ્રીમ કોર્ટના જજ અને કેબિનેટ સેક્રેટરીનો બેઝિક પગાર લગભગ સમાન છે. હા, સુપ્રીમ કોર્ટના જજો નિવૃત્ત થાય ત્યારે વધુ લાભ મેળવે છે. પરંતુ ચિંતાની વાત એ છે કે ચૂંટણી કમિશનરોની સેવાની શરતોને અમલદારશાહી સાથે જોડવાથી સંભવતઃ તેમના હાથ બાંધી શકાય છે અને તેમની સત્તા ઓછી થઈ શકે છે. પૂર્વ ચૂંટણી કમિશ્નર ઈચ્છે છે કે તેમને વર્તમાન સ્વરૂપમાં જ રહેવા દેવા જોઈએ જેથી કરીને નિષ્પક્ષ ચૂંટણી વધુ સારી રીતે થઈ શકે.

**આ અંગે સરકાર શું કહે છે ?**

ઈન્ડિયન એક્સપ્રેસના જણાવ્યા અનુસાર, એક સરકારી અધિકારીએ આ ચિંતાઓને નકારી કાઢી છે અને કહ્યું છે કે આવી આશંકા ખોટી છે કારણ કે અગ્રતાના કોષ્ટક મુજબ, સીઈસીનો દરજજો સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જેવો જ હશે. અગ્રતાનું કોષ્ટક એ એક પ્રોટોકોલ સૂચિ છે જેનો ઉપયોગ અધિકારીઓ અને અધિકારીઓને તેમની સ્થિતિના આધારે સરકારમાં ક્રમ આપવા માટે થાય છે. હાલમાં, સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશો ટેબલ ઉપર સીરીયલ નંબર ૯ ઉપર સૂચિબદ્ધ છે, જ્યારે CEC 9A ઉપર સૂચિબદ્ધ છે. મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશ્નરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યાલયની મુદત) બિલ, ૨૦૨૩, જે ૧૦ ઓગસ્ટના રોજ રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યું હતું, તે ત્રણ ચૂંટણી કમિશનરોની પસંદગી માટે જવાબદાર સમિતિની રચના સાથે સંબંધિત છે. આ સમિતિમાં વડાપ્રધાન, વિપક્ષના નેતા અને કેન્દ્રીય કેબિનેટ પ્રધાનનો સમાવેશ થાય છે, તેના માર્ચ ૨૦૨૩ના નિર્ણયમાં સુપ્રીમ કોર્ટના સૂચનની વિરૂધ્ધ તેના સભ્ય તરીકે ભારતના મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ થતા નથી.

**સુપ્રીમ કોર્ટે શું કહ્યું ?**

૨ માર્ચ, ૨૦૨૩ના રોજ આપેલા તેના ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ભારતના ચૂંટણી પંચમાં નિમણૂકોને નિયંત્રિત કરવા માટેની સમિતિમાં વડા પ્રધાન, ભારતના મુખ્ય ન્યાયાધીશ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાનો સમાવેશ થશે.

# સિંગતેલનો ડબ્બો મોંઘો થતાં ઘરનું બજેટ ખોરવાયું

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં હવે તહેવારનો માહોલ છે. રાજ્યમાં ૩.૫૦ કરોડ ગરીબો છે ત્યાં તેલિયા રાજાઓ આ ગુજરાતીઓનું તેલ કાઢી રહ્યાં છે. ગુજરાતમાં મગફળીની મબલક આવક સામે ખેડૂતોને પાકના ભાવ મળી રહયાં નથી પણ તેલિયા રાજાઓ બેફામ તેલના ભાવ વધારી રહ્યાં છે અને સરકાર મૂકપ્રેક્ષક બનીને બેઠી છે. સસ્તી મગફળી વચ્ચે તેલના ભાવ કેમ ઉંચકાય એ ગણિત ઘણાને ગળે ઉતરી રહ્યું નથી. સ્ટોક કરીને તેલિયા રાજાઓ અછત બતાવી ગુજરાતીઓનો ફાયદો ઉઠાવી રહ્યાં છે. ગુજરાતમાં પાકતી મગફળીના સિંગતેલનો ભાવ સતત વધી રહ્યો છે. ખેડૂતોને ઉંચા ભાવ મળવાના કારણે પડતર વધતાં સિંગતેલના ભાવ વધવાના ગણિતો સમજાય પણ ખેડૂતોને ટેકાના ભાવથી પણ ઓછા ભાવ મળી રહ્યાં છે અને સિંગતેલના ભાવ વધે એ કાળાબજારી છે. સરકાર આ બાબતને સારી રીતે જાણતી હોવા છતાં પણ આ મામલે ચૂપકીદી સાધી લેવાની સાથે તેલિયા રાજાઓને ખુલ્લેઆમ પરવાનો આપી દીધો હોવાની લોકચર્ચા છે. મગફળીની અછતના કારણે સિંગતેલના ભાવ ફરી વધ્યા છે. લેટેસ્ટ અપડેટ અનુસાર, સિંગતેલના ભાવમાં ફરીથી ૨૦ રૂપિયાનો વધારો થયો છે. આમ, ૫ દિવસમાં સિંગતેલના ભાવમાં ૨૦૦ રૂપિયાનો તોતિંગ વધારો થયો છે. આ કારણે રાજકોટ તેલ બજારના લેટેસ્ટ ભાવ અનુસાર, સિંગતેલનો ડબ્બો ભાવ ૩૧૪૦ને પાર પહોંચ્યો છે. સિંગતેલના વધતા ભાવ ઉપર SOMA દ્વારા જણાવાયું કે, મગફળીની અછતના કારણે પીલાણમાં નથી આવતી. આ વર્ષે મગફળીના વાવેતરમાં ઘટાડો થયો છે. ઉત્પાદનની સામે માંગમાં વધારો થતા સિંગતેલના ભાવ વધ્યા છે. જાણકારોના મતે હજુ બીજા સો રૂપિયાના વધારાની ગણતરી છે. ગુજરાતમાં મગફળીની આવક સારા પ્રમાણમાં છે અને નવી સિઝનમાં પણ મગફળીના વાવેતરમાં સુધારો થયો છતાં ભાવ વધી રહ્યા છે એ લોકોને સમજાતું નથી. સરકારનો કોઈ અંકુશ ન હોવાથી તેલીયા રાજાઓ સંગ્રહખોરી કરીને કૃત્રિમ અછત ઊભી કરીને ભાવ વધારો કરી રહ્યા છે. રાજ્યમાં દિવસેને દિવસે મોંઘવારી વધી રહી છે. લોકો પગારમાં માંડ પૂરૂ કરી રહ્યાં છે ત્યાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના વધતા જતા ભાવ લોકોને પરેશાન કરી રહ્યાં છે. પેટ્રોલ અને ડીઝલના તો ભાવ કાબુ બહાર જ છે અને હવે ખાદ્યતેલના ભાવ પણ કાબુ બહાર જઈ રહ્યા છે. આ જ સ્થિતિ રહી તો આગામી દિવસોમાં લોકોને સિંગતેલ ખાવું દોહ્યલું બની જશે. ગુજરાતમાં સૌથી વધારે વાવેતર થતો પાક અને જે પાકની આપણે નિકાસ કરી રહ્યાં છે એ મગફળીનું તેલ ગુજરાતીઓના નસીબમાં ના હોય એનાથી બીજી બલિહારી કઈ હોઈ શકે.

# "દેશમાં દરરોજ ખોટી બાબતોની જાણ કરવામાં આવે છે; તમે તેના માટે પત્રકારો ઉપર કાર્યવાહી કરી શકતા નથી": CJI ચંદ્રચુડ

નવી દિલ્હી તા.૨૧

ભારતના મુખ્ય ન્યાયાધીશે ટિપ્પણી કરી હતી કે સમગ્ર દેશમાં પત્રકારો દ્વારા દરરોજ ખોટી બાબતોની જાણ કરવામાં આવે છે, પરંતુ તેના માટે તેમની સામે કાર્યવાહી થઈ શકે નહીં. CJIએ આ ટિપ્પણીઓ એટલે કરી હતી જ્યારે તેમને કહેવામાં આવ્યું કે પ્રેસની સ્વતંત્રતાનો ઉપયોગ સુપ્રીમ કોર્ટમાં આવવા અને ફરિયાદ રદ કરવા માટેના લાયસન્સ તરીકે થઈ શકે નહીં. CJI DY ચંદ્રચુડે એડિટર્સ ગિલ્ડના પ્રમુખ સીમા મુસ્તફા અને પત્રકારો સીમા ગુહા, ભારત ભૂષણ અને સંજય કપૂરની બનેલી ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટીને આપવામાં આવેલી વચગાળાની રાહતને લંબાવતી વખતે આ અવલોકન કર્યું હતું. આ ટીમે મણિપુર હિંસાની પરિસ્થિતિના ખોટા રિપોર્ટિંગ ઉપર રિપોર્ટ સબમિટ કર્યો હતો. તેમણે કહ્યું કે, આર્ટિકલમાં ખોટું નિવેદન આપવું એ કલમ 153A હેઠળ ગુનો નથી. તે ખોટું હોઈ શકે છે. સમગ્ર દેશમાં દરરોજ ખોટી બાબતોની જાણ કરવામાં આવે છે. શું તમે પત્રકારો ઉપર 153A માટે કેસ ચલાવશો? સુપ્રીમ કોર્ટે ફરિયાદીને કહ્યું કે મણિપુરમાં એડિટર્સ ગિલ્ડના સભ્યો વિરુદ્ધ કોના નિવેદન ઉપર FIR દાખલ કરવામાં આવી છે, કોર્ટને દર્શાવો કે તેમની વિરૂધ્ધ્ કથિત ગુનાઓ કેવી રીતે દાખલ કરવામાં આવ્યા હતા. કોર્ટે કહ્યું કે, તમારે અમને એ બતાવવું પડશે કે અમે ફરિયાદમાં ઉલ્લેખિત આ ગુનાઓ વિશે પણ કેવી રીતે દર્શાવી શકીએ. તમારી ફરિયાદ સરકારની કાઉન્ટર નેરેટિવ છે. એક લેખમાં ખોટું નિવેદન આપવું એ 153A હેઠળ ગુનો નથી. કૃષ્ણકુમારે જસ્ટિસ પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચને કહ્યું હતું કે આ કોઈ ફેક્ટ-ફાઈન્ડિંગ રિપોર્ટ નથી, પરંતુ KUKI દોષિત રિપોર્ટ છે જે સંપૂર્ણપણે પક્ષપાતી છે અને તેની તપાસ થવી જોઈએ. તેઓ એક સમુદાયને કેવી રીતે ખરાબ દર્શાવી રહ્યા છે અને આવા વ્યાપક નિવેદનો કરવામાં આવ્યા છે. આ અહેવાલ લોકોના એક



તરફના મુખપત્ર તરીકે કામ કરી રહ્યો છે. તે જૂથો વચ્ચે દુશ્મનાવટમાં વધારો કરે છે. EGIની ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તેને સેના દ્વારા સમગ્ર મણિપુરમાં બનેલી ઘટનાઓના મીડિયા રિપોર્ટિંગની તપાસ કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. સમિતિના સભ્યો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલે રજૂઆત કરી કે, અમને આર્મી દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું. કૃપા કરીને તેમના દ્વારા અમને મોકલવામાં આવેલ આ પત્ર જુઓ. સ્થાનિક મીડિયા પરિસ્થિતિને કેવી રીતે કવર કરી રહ્યું છે તે જોવા માટે, અમે એક રિપોર્ટ સબમિટ કર્યો છે, હવે આમ કરવા બદલ અમારા ઉપર દંડની જોગવાઈઓ લાદી શકાતી નથી. આ અંગે ઝત્નૈંએ પૂછ્યું હતું કે, સેના તમને શા માટે આમંત્રિત કરશે. ગયા અઠવાડિયે, સુપ્રીમ કોર્ટે એડિટર્સ ગિલ્ડના પ્રમુખ મુસ્તફા અને ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટીના સભ્યોને વચગાળાનું રક્ષણ આપ્યું હતું. કોર્ટે શરૂઆતમાં એક અઠવાડિયાના મર્યાદિત સમયગાળા માટે રક્ષણ આપ્યું હતું અને અરજદારોને કાયદા હેઠળ તેમના માટે ઉપલબ્ધ અન્ય ઉપાયોનો લાભ લેવા જણાવ્યું હતું.

# કેન્દ્ર મણિપુરમાંથી રેપિડ એક્શન ફોર્સ પાછા ખેંચી લેવાનું વિચારી રહી છે

(એજન્સી) તા.૨૧


કેન્દ્ર સરકાર હિંસાગ્રસ્ત મણિપુરમાંથી હુલ્લડ વિરોધી કેન્દ્રીય પોલીસ દળ, રેપિડ એક્શન ફોર્સ (RAF)ને તબક્કાવાર પાછી ખેંચી લેવાનું વિચારી રહી છે. હાલમાં, આરએએફની ૧૦ કંપનીઓ મણિપુરમાં તૈનાત છે જેમાં આઠ ખીણ જિલ્લાઓમાં અને બે પહાડીઓમાં છે. પોલીસ સિવાય, લગભગ ૩૬,૦૦૦ અર્ધલશ્કરી દળો અથવા સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF), જેમાં ભારતીય સેનાના જવાનોનો સમાવેશ થાય છે, તે રાજ્યમાં તૈનાત છે. મેઈતેઈ અને આદિવાસી કુકી-ઝો લોકો વચ્ચેની વંશીય હિંસા જે ૩ મેના રોજ રાજ્યમાં ફાટી નીકળી હતી તેમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૭૫ લોકોના મોત થયા છે. રાજ્ય સરકારની વિનંતી પર કેન્દ્રએ વધારાના ૪,૫૦૦ CAPF જવાનો પણ મોકલ્યા છે.

કેટલાક મેઈતી જૂથો અને સમુદાયના ધારાસભ્યોએ ભારતીય સેના અને દેશની સૌથી જૂની અર્ધલશ્કરી દળ આસામ રાઈફલ્સને "બફર ઝોન"માંથી દૂર કરવાની માંગ કરી છે, અને તેઓએ તેમના ઉપર કુકી-ઝો લોકો પ્રત્યે પક્ષપાતનો આરોપ મૂક્યો છે. સપ્ટેમ્બર ૧૫થી, બફર ઝોનના અમુક વિભાગોમાં નવી CAPF જમાવટ થઈ રહી છે, આ એવા વિસ્તારો છે જ્યાં મહત્તમ હિંસા થઈ છે, જે સતત ચાલુ છે.

RAF દ્વારા ૬ જુલાઈના રોજ મોકલવામાં આવેલ આંતરિક અહેવાલમાં રાજ્યની કટોકટી પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ૪ જુલાઈના રોજ થૌબલમાં પોલીસ શસ્ત્રાગારમાંથી આશરે ૩,૦૦૦ લોકોના ટોળાને હથિયારો લૂંટતા રોકવાનો પ્રયાસ કરતી વખતે આરએએફ યુનિટ ઉપર કાચ, પથ્થરો, તીક્ષ્ણ લોખંડના સળિયા અને પેટ્રોલ બોમ્બ વડે હુમલો કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ નિવેદનમાં કહ્યું હતું કે થૌબલના ખાંગાબોક ખાતે ઈન્ડિયા રિઝર્વ બટાલિયન (આઈઆરબી) પાસેથી શસ્ત્રો લૂંટવાના નિષ્ફળ પ્રયાસ દરમ્યાન એક તોફાની માર્યો ગયો હતો જ્યારે કેટલાક અન્ય ઘાયલ થયા હતા. આરએએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૪ જુલાઈના રોજ, બે કંપનીઓ સાંજે ૪ વાગ્યાની આસપાસ આ ઘટના સ્થળે દોડી આવી હતી, અને તેમના ઉપર મહિલા લોક મીરાપાઈબીના ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમણે આરએએફ ટુકડીઓ અને આસામ રાઈફલના લડવૈયાઓને સ્થળ ઉપર જવા દીધા ન હતા. સૈનિકોએ ટોળાને વિખેરવા માટે ટીયર ગેસ શેલનો ઉપયોગ કર્યો હતો. આશરે ૧૦૦૦-૨૦૦૦ લોકોના ટોળાએ ઘટના સ્થળે પહોંચીને RAF અને તેના વાહનો ઉપર પથ્થરમારો, કાચ અને પેટ્રોલ બોમ્બ ફેંકવાનું શરૂ કર્યું અને રિપોર્ટ સૂચવે છે કે હિંસક ટોળું અત્યાધુનિક હથિયારોનો ઉપયોગ કરી રહ્યું છે. અહેવાલમાં RAFના ન્યાયપૂર્ણ ઉપયોગના અભાવ અને ઉચ્ચ જોખમવાળા વિસ્તારોમાં તેની અયોગ્ય જમાવટ, ઘટનાના સ્થળે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને મેજિસ્ટ્રેટની ગેરહાજરી દર્શાવવામાં આવી છે. આરએએફએ સીએપીએફનો એક ભાગ છે. અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે કે આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA) દ્વારા આવરી લેવામાં આવેલા જિલ્લાઓમાં જમાવટ નોંધપાત્ર જોખમ છે, અને મણિપુરમાં વર્તમાન વલણ સૂચવે છે કે ભીડમાં મુખ્યત્વે મહિલાઓ અને નાગરિકોનો સમાવેશ થાય છે. આનાથી સુરક્ષા દળો ખાસ કરીને આરએએફ માટે ખતરો છે જેની પ્રાથમિક જવાબદારી ધાર્મિક અને સાંપ્રદાયિક પ્રકૃતિના આંદોલનો, બંધ અને હડતાલથી ઉદભવતા રમખાણોનો સામનો કરવાની છે અને તેને આતંકવાદ વિરોધી વિરોધી કામગીરીમાં તૈનાત કરવામાં આવતા નથી. અનેક સ્થાનોએ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને સ્થાનિક મેજિસ્ટ્રેટ ઘટનાસ્થળે હાજર ન હતા. આ નોંધપાત્ર અસંવેદનશીલતા અને સંકલનનો અભાવ દર્શાવે છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે નિયમિત સૈનિકો વિના દૂર-દૂરના વિસ્તારોમાં રાત્રિના કલાકો દરમ્યાન દળને તૈનાત કરવા જોઈએ નહીં. આરએએફને તેની ફરજિયાત ભૂમિકાની વિરૂધ્ધ તૈનાત કરવાથી મણિપુરમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા ગંભીર પરિસ્થિતિ તરફ દોરી શકે છે.

# જો તમને આંકડાઓ સાથે પ્રેમ હોય તો એકાઉન્ટન્ટ તરીકેની સદાબહાર કારકિર્દી અપનાવવા જેવી ખરી....

**જો તમે સીએ બની જાવ તો નોકરી કરો તો સારામાં સારો પગાર મળે છે અને વ્યવસાય ચાલુ કરો તો ડોક્ટર, વકીલ કે આર્કિટેક્ટની જેમ સલાહકાર તરીકે આકાશને આંબી શકાય તેટલી કમાણી કરી શકો છો. ધારો કે તમે સીએ નથી બનતા તો કોઈપણ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી મળી શકે છે. આજકાલ જીએસટી અને ઈન્કમટેક્ષનો જમાનો હોવાથી સારા એકાઉન્ટન્ટની તમામ લોકોને જરૂર હોય છે. આ નોકરી દરમ્યાન તમને અનુભવના આધારે પ્રમોશન અને સારો પગાર બધુ જ મળી શકે છે. મારા ધ્યાનમાં એવા અનેક લોકો છે કે જે સામાન્ય એકાઉન્ટન્ટ તરીકે કોઈ કંપનીમાં જોડાયા હોય અને પછી કંપનીનું તમામ ફાઈનાન્સ સંભાળતા હોય અને ખૂબ જ આગળ વધી ગયા હોય.**



એકાઉન્ટન્ટ બનવું અને પછી એકાઉન્ટન્સી કરવી હોય તો એકાઉન્ટન્સી એક એવો વ્યવસાય છે કે ચાંદ-સુરજ તપે ત્યાં સુધી બંધ થવાનો નથી. જ્યાં સુધી ધંધા-રોજગાર અને વેપારનું અસ્તિત્વ છે ત્યાં સુધી હિસાબ-કિતાબ રહેવાના જ છે અને જેમને એકાઉન્ટની આંટીઘુંટીઓ આવડે છે તેઓ આ ક્ષેત્રમાં સારામાં સારી કારિકિર્દી બનાવી શકે છે. જો તમારે સારા એકાઉન્ટન્ટ બનવું હોય તો માસ્ટર ઓફ કોમર્સ એકાઉન્ટના વિષય સાથે કરવાનો વિકલ્પ છે. નિષ્ણાત એકાઉન્ટન્ટ બનવું હોય તો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે બીજા અન્ય વિકલ્પો અપનાવી શકો છે. આ કરિયર અપનાવ્યા પછી તમે નોકરી અને પોતાનો સ્વતંત્ર વ્યવસાય બન્ને કરી શકો છે. આ ઉપરાંત માસ્ટર ડિગ્રી કર્યા પછી એકાઉન્ટના શિક્ષક કે પ્રોફેસર બનીને શિક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકો છે. આ સાથે ટેક્સની પણ આંટીઘુંટી બાબતે પણ તમને ખ્યાલ આવી જતો હોવાથી ટેક્સ કન્સલ્ટન્ટ પણ બની શકો છે. તમે બી.કોમ, એમ.કોમ, બી.બી.એ. કે એમ.બી.એ. કરો એટલે ટેક્સ એટલે કે કરવેરાની બાબતોના વિષયો આવે જ છે. આ ઉપરાંત ઘણી કોલેજો અને ખાનગી સંસ્થાઓ કરવેરા ક્ષેત્રમાં ડિપ્લોમા અને સર્ટિફિકેટ પ્રકારના કોર્ષ ચલાવે છે. આથી તમે કરવેરા સલાહકાર બની શકો છે. કોઈપણ કંપનીમાં ટેક્સ બાબતોના અધિકારી પણ બની શકાય છે. તેની સાથે તમે જો એલએલબી થઈ જાવ તો સોનામાં સુગંધ ભળે તેમ સરસ કારકિર્દી બની શકે છે. તો ચાલો આટલી પૂર્વ ભૂમિકા પછી એકાઉન્ટન્સીની સદાબહાર કારકિર્દી વિશે આપને જણાવીશ.

**એકાઉન્ટન્સીની કારકિર્દી છે સદાબહાર...**

આ કારકિર્દી સદબહાર છે તેના એક નહી અનેક કારણો છે. માણસ જ્યારથી સમજણો થયો ત્યારથી ગણતરી કરતો થયો અને ગણતરી કરતા આવડી એટલે હિસાબ કિતાબ રાખતો થયો. શૂન્યની શોધ પછી તો હિસાબની આખી પદ્ધતિ જ બદલાઈ ગઈ અને આજે તેના વગરની દુનિયાની કલ્પના કરવી મુશ્કેલ હોય છે. સામાન્ય ઘરમાં થતો રોજબરોજના ખર્ચનો હિસાબ હોય કે મોટી મલ્ટીનેશનલ કંપની. એકાઉન્ટ વગર તો તેનું અસ્તિત્વ જ નથી. અરે શાળા કે કોલેજમાં જતા વિદ્યાર્થીઓને મળતા પોકેટ મનીના થોડા ઘણા પૈસાનો પણ હિસાબ હોય છે. તો જ્યારથી સમજણા થયા ત્યારથી ગણતરી અને હિસાબ મહત્વના છે. આમ કહેવાય કે રોટી, કપડા અને મકાનની જેમ આપણા જીવનનો અભિન્ન અંગ બની ગયું છે. આજકાલ તો નોકરિયાત વર્ગ ખૂબ મોટો છે. ઘરમાં પતિ-પત્નીથી લઈને બધા જ સભ્યો રોજગારની કોઈને કોઈ પ્રવૃત્તિ કરતા હોય છે. ઘર, વાહન, હોમ એપ્લાયન્સીસ અને બીજી જીવન જરૂરી વસ્તુઓ ઈએમઆઈ ઉપર થઈ ગઈ છે. ત્યારે જેઓ બધા જ એક એક પૈસાનો હિસાબ રાખતા હોય છે. ત્યારે સમજી શકાય છે કે એકાઉન્ટનું કેટલું મહત્વ છે. પહેલા તો જૂના નામ પધ્ધતિએ હિસાબ થતો અને તેમા જમા અને ઉધાર પધ્ધતિએ ગણતરી થતી હતી. આપણે ત્યાં જૂના નામા પદ્ધતિએ હિસાબ લખવા માટે ચોપડા મળી રહેતા. વેપારીઓ દ્વારા દર દિવાળીએ ચોપડા પૂજન થતું. પરંતુ કોમ્પ્યુટરનો ઉદય થયો એટલે ટેલિ સહિતના સોફ્ટવેર આવ્યા અને હિસાબ બધો કોમ્પ્યુટરમાં થતો ગયો. એન્ટ્રી કરીએ અને એકાઉન્ટન્સીની પ્રક્રિયા ઝડપથી અને સરળ બની. હવે તો ખાનગી ક્લાસીસ પણ ચાલી રહ્યા છે કે જે તમને ગણતરીના મહિનાઓમાં બેઝીક એકાઉન્ટની આંટીઘૂંટીઓ સમજાવી દે અને પછી તમે અનુભવ કેળવીને તમારો વ્યવસાય શરૂ કરી શકો. હવે આ કરિયર સદાબહાર કેમ છે એ તો મારે કહેવાની જરૂર જ નથી. કારણ કે સવારે જાગો ત્યારથી લઈને નિંદર માણો ત્યાં સુધી ગણતરીઓ મગજમાં ચાલુ જ હોય છે. વ્યક્તિ કે વ્યવસાયના સર્વાંગી વિકાસ માટે એકાઉન્ટ લખવું ખૂબ જ જરૂરી છે. તેના કારણે વર્તમાન સ્થિતિનો અંદાજ, ભૂતકાળમાં થયેલી ભૂલો કે ભૂતકાળમાં મળેલી સફળતા તેમજ ભવિષ્યનું આયોજન કરી શકાય છે. એકાઉન્ટન્સીમાં જ હવે તો ડેટા એનાલિસિસ જેવા વિષયો આવરી લેવાયા છે. આથી આપના ધંધાના એકે એક પાસાઓનું વિવરણ એટલે કે એનાલિસિસ કરી શકાય છે. આથી એકાઉન્ટ વગરની દુનિયાની કલ્પના કરવી અઘરી છે. આથી આ વ્યવસાય સદાબહાર છે.


**કોણે એકાઉન્ટન્સીનો વ્યવસાય અપનાવવો જોઇએ?**

આ વાતનો જવાબ ખૂબ જ સરળ છે. જેને ગણિત, એકાઉન્ટ, આંકડાશાસ્ત્ર અને ડેટા એનાલિસિસમાં રસ હોય તેઓએ આ વિષય પસંદ કરવો જોઈએ. પહેલેથી જે વ્યક્તિને ગણિતમાં ફાવટ હોય અને સારા ગુણાંક આવતા હોય, ગણિતના કોયડા ઉકેલતા આવડતા હોય, લાંબો સમય સુધી બેસીને ગણતરીઓ કરવાની ફાવટ હોય અને કોઠાસુઝ હોય તેઓ માટે આ વ્યવસાય એક ઉત્તમ વિકલ્પ છે. જો તમે ધોરણ-૧૦ બાદ કોમર્સનો વિષય લીધો હોય અને પછી એકાઉન્ટમાં રસ પડે તો બીજું કઈ વિચાર્યા કરવા કરતા એકાઉન્ટના વિષયમાં ભરપૂર ધ્યાન આપવું જોઈએ. ધોરણ-૧૨ પછી બી. કોમ અને ત્યારબાદ એમ. કોમ. કરીએ તો આ વિષયમાં માસ્ટરી આવી જાય છે. વળી પરીક્ષામાં આના રોકડીયા માર્ક હોય છે. આથી તમારો સ્કોર પણ વધારે છે. અલબત્ત માર્ક કરતા તમારામાં કેટલી આવડત છે તેના ઉપર વધારે ધ્યાન આપવાની જરૂર હોય છે. વળી ધોરણ-૧૨ પછી બી.કોમ. કરવાની સાથે સાથે ચાર્ટડ એકાઉન્ટન્ટનો પણ કોર્ષ કરવામાં આવે અને તેમા પાસ થવાય તો તો ઉત્તમ કારકિર્દી ઘડાઈ જાય છે. આ ઉપરાંત સીએ ફાઉન્ડેશન, સર્ટિફાઈડ પબ્લિક એકાઉન્ટન્ટ એટલે કે સીપીએ, સર્ટીફાઈડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ જેવા પણ કોર્ષ ઉપર હાથ અજમાવી શકાય છે. જો તમારે એકાઉન્ટન્ટ જ બનવું હોય તો સીએનો અભ્યાસ શરૂ કરવો જોઈએ. તેનો અભ્યાસ કરતા કરતા એકાઉન્ટની એટલી બધી આંટીઘુંટીઓ આવડી જાય છે કે કદાચ પણ જો સીએમાં સફળતા ના મળે તો પણ તમે એક સારા એકાઉન્ટન્ટ બની શકો છો.

**એકાઉન્ટન્ટ તરીકે કમાણી**

જો તમે સીએ બની જાવ તો નોકરી કરો તો સારામાં સારો પગાર મળે છે અને વ્યવસાય ચાલુ કરતો તો ડોક્ટર, વકીલ કે આર્કિટેક્ટની જેમ સલાહકાર તરીકે આકાશને આંબી શકાય તેટલી કમાણી કરી શકો છો. ધારો કે તમે સીએ નથી બનતા તો કોઈપણ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી મળી શકે છે. આજકાલ જીએસટી અને ઈન્કમટેક્ષનો જમાનો હોવાથી સારા એકાઉન્ટન્ટની તમામ લોકોને જરૂર હોય છે. આ નોકરી દરમ્યાન તમને અનુભવના આધારે પ્રમોશન અને સારો પગાર બધુ જ મળી શકે છે. એવા અનેક લોકો છે કે જે સામાન્ય એકાઉન્ટન્ટ તરીકે કોઈ કંપનીમાં જોડાયા હોય અને પછી કંપનીનું તમામ ફાઈનાન્સ સંભાળતા હોય અને ખૂબ જ આગળ વધી ગયા હોય. વળી જો તમારે નોકરી ના કરવી હોય તો નાના મોટા ધંધાર્થીઓ કે કંપનીઓનો હિસાબ લખી શકો છો. આ લોકો તમને વાર્ષિક પેમેન્ટ આપે છે અને સારી કમાણી કરાવી આપે છે. આ ઉપરાંત જીએસટી કે ઈન્કમટેક્ષના સલાહકાર તરીકે પણ કામગીરી કરી શકો છો. તેની તગડી ફી મળતી હોય છે. વળી આ વ્યવસાય એવો છે કે તમે ક્યારેય નવરા બેસી રહેવાના નથી. તમારી આગામી પેઢી પણ આગળ ધપાવી શકે છે. ઘણા તો બીજા એકાઉટન્ટન્સને હાયર કરીને પોતાની એક આખી એકાઉન્ટીંગ ફર્મ બનાવીને સારામાં સારી કમાણી કરતા હોય છે. આમાં તમારી આવડત અને સંપર્કો મહત્વનો ભાગ ભજવે છે. તો મિત્રો આ હતી એકાઉન્ટન્ટ તરીકેની સદાબહાર કારકિર્દીની માહિતી અને તમે પણ રસ હોય તો આ ક્ષેત્રમાં કરિયર બનાવવા માટે વિચારી શકો છો.

# સોમનાથ મંદિરના શિલ્પોમાં પણ ગજાનનનાં દર્શન




(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)
પ્રભાસપાટણ તા. ૨૧

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું તે જ સ્થળે નિર્માણ પામેલુંસાતમુંમંદિર છે.તે મંદિર નિર્માણ-નૂતન કરતા પહેલા તે પુર્વ મંદિરના ખંડિત શિલ્પોને પ્રભાસ પાટણ સંગ્રહાલયમાં નંબર આપી સાચવવામાં આવ્યા છે. તે છઠ્ઠા મંદિરના ખંડિત શિલ્પઅવશેષોમાં હાલ ટુરીસ્ટ ફેસેલીટી સેન્ટરમાં આવેલ સંગ્રહાલયમાં દાખલ થતાજ ડાબા હાથ ઉપર શિલ્પ ડેસ્ક ઉપર ગણપતિ બાપાની મૂર્તિ તે કાળના સોમનાથ મંદિરના શિલ્પોમાં અંકીત થઈ હતી તે જોવા મળે છે. તેમાં વિસ્તૃત માહિતી આપવામાં આવી નથી પરંતુ ગણપતિ દેવના મહત્વ વિષે જાણકારી બોર્ડમાં લખવામાં આવ્યું છે.

છઠ્ઠા મંદિરના આ શિલ્પો છે જેથી આપણે માની શકીએ કે તે કાળમાં એ મંદિર નિર્માણ ઈ.સ. ૧૩૦૮ માં જૂનાગઢના ચુડાસમા રાજા મહિપાલ દેવે કરાવ્યું હતું અને આ મંદિરનો ધ્વંસ ૧૪૬૯માં અમદાવાદના સુલતાને કર્યો હતો જે મંદિરનું આ શિલ્પ છે.

ભુતકાળના મંદિરોના અવશેષો દ્વારા સોમનાથ મંદિરના ઈતિહાસની વિગતો યાત્રાળુઓના ધ્યાને મુકવા માટે તેમજ ભારતના મંદિરોમાં રહેલી શિલ્પ અને સ્થાપત્યોની અનેક વિશેષતાઓ રજુ કરવા માટે સોમનાથ ટ્રસ્ટે સંગ્રહાલયની ગોઠવણ કરેલ છે. જેમાં ગજાનનનું શિલ્પ પણ છે અને આ સંગ્રહાલયમાં ઈ.સ.૧૧-૧૨ મી સદી અને અગાઉના પ્રાપ્ત મંદિરોના અવશેષોના દર્શન માટે આ સંગ્રહાલયરચાયું છે.

# દિપાંજલી-રમાં વિનાયક એપાર્ટમેન્ટ ખાતે ગણપતી ઉત્સવની ઉજવણી

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢમાં ગલ્લી મહોલા અને એપાર્ટમેન્ટમાં ગણેશ ચતુર્થીથી ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિ૪ લાવી સ્થાપના કરવામાં આવે છે તે મુજબ ટીંબાવાડીમાં દિપાન્જલી -રમાં વિનાયક એપાર્ટમેન્ટ પાસે ખુલ્લા મેદાનમાં ભવ્ય ટેન્ટ બાંધી તેમાં ગણપતિજી ની મૂર્તિ નું સ્થાપન કરી દરરોજ સવારે અને સાંજે તેમની ભવ્ય આરતી કરવામાં આવે છે જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો ભક્તજનો ઉપસ્થિત રહે છે, રાત્રીના સમયે રાસ ગરબા તથા અન્ય કાર્યક્રમો યોજવામાં આવેછે અને દરરોજ દાતાઓ તરફથી બાળકોને બટુક ભોજન તથા લાણી આપવામાં આવે છે. આ કાર્યક્રમનું સંચાલન અવતાર ગૃપનાં કાર્યકરો દ્વારા કરવામાં આવે છે, ગણપતિજીની આરતી છેલ્લા છ વર્ષથી પ્રતાપભાઈ મહેતા કરી રહ્યા છે.



# પતિ સાથે ઝઘડો થતાં ઘર છોડીને નીકળી ગયેલ મહિલાનું પતિ સાથે પુનઃમિલન કરાવતી અભયમ ટીમ

જૂનાગઢ, તા.૨૧

જુનાગઢ શહેરના મધ્ય વિસ્તારમાંથી જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ મહિલા હેલ્પલાઈન નંબર પર કોલ આવેલ કે કોઈ સ્ત્રી બે બાળકોને લઈ અને રસ્તા ઉપર રડતા હોય તેથી મહિલા ની મદદ માટે ૧૮૧માં કોલ કરી મદદ માંગી હતી.

૧૦૮૧ ટીમના ફરજ ઉપરના કાઉન્સેલર તન્વીકાબેન પરમાર તેમજ પોલીસ કોન્સ્ટેબલ ઉજાલાબેન ખાણીયા અને પાયલોટ અલ્પેશ ભાઈ તરત જ બનાવના સ્થળે પહોંચી જઈ અને આ મહિલા સાથે વાત ચીત કરી કાઉન્સલિંગ કર્યું હતું. તેમજ તેમને આશ્વાસન આપી સંપૂર્ણ વાત જાણતા, જાણવા મળેલ કે મહિલા ને તેમના પતિએ તેમના વતનમાં વ્યવહારિક કામથી જવા માટે જણાવેલ હોય પણ દીકરીનો અભ્યાસ ચાલુ હોય અને ટૂંક સમયમાં જ પરીક્ષા પણ આવવાની હોય જેથી હાલ મહિલા તેમના વતન જવા માંગતા ન હોય અને એ બાબતો પર બંને પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતાં મહિલા તેમના બે બાળકોને લઈ અને ઘરેથી નીકળી ગયેલ અને રસ્તા ઉપર બેસીને રોતા હોય અને ફરી ઘરે ન જવા માટે જીદ કરતા હતા.

ત્યારબાદ ૧૮૧ ટીમના કાઉન્સિલરના કુશળ કાઉન્સિલિંગ દ્વારા મહિલાને સમજાવી તેમને યોગ્ય માર્ગદર્શન, સલાહ આપી અને મહિલાના પતિની સાથે સંપર્ક કરી તેમને સ્થળ ઉપર બોલાવી બંને પતિ-પત્નીની સાથે વાત કરી એકબીજાને સમજાવી કાઉન્સિલિંગ દ્વારા બંને પતિ-પત્ની વચ્ચે સુખદ સમાધાન કરાવવા માં આવ્યું હતું.

# જૂનાગઢના પત્રકાર હરેશ દવેનો આજે જન્મદિવસ



જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ શહેર અને જીલ્લામાં પત્રકાર તરીકે સારી કામગીરી કરનારા તેમજ પોતાના મિલનસાર સ્વભાવને કારણે સારી ચાહના મેળવનારા જીટીપીએલ ન્યુઝ જૂનાગઢના પત્રકાર હરેશ દવેનો આજે જન્મદિવસ હોય, સ્નેહીજનો તથા મિત્ર વર્તુળ દ્વારા તેઓને મો.નં.૯૭૭૩૨૫૭૫૯૮ ઉપર શુભકામનાઓ પાઠવવા માં આવી રહી છે.

# જય ગૌરી માં..



આપણા હિન્દુ ધર્મની સંસ્કૃતિ પરંપરાગત ચાલતી આવે છે. શિવજી, પાર્વતી માં, ગણેશજી, શિવજીનો પરિવાર, કૃષ્ણ ભક્તિ, વિષ્ણુજી, લક્ષ્મીજી, સુર્યપૂજા તેમાં પણ ગણેશજીઅનેપાર્વતી માંનુંપૂજન મરાઠી કુટુંબમાં પરંપરાગત વિધીપુર્વક કવરામાં આવે છે. ભાદરવા સુદ ૪ ગણેશ ચતુર્થી ઉપર ગણેશ સ્થાપન કરવામાં આવે છે.ત્યારબાદ ભાદરવા સુદ ૬ અથવા ૭ ના દિવસે ગૌરી માં નું સ્થાપન કરવામાં આવે છે. કહેવાય છે કે, પાર્વતી માં ના પિયરમાં શિવજીનું અપમાન થયું ત્યારથી શિવજીએ પાર્વતી માં ને પિયર જવાની ના પાડી હતી. પાર્વતી માંએ પણ પોતાના પતિના સ્વમાન ખાતર તેમની વાતનો સ્વીકાર કર્યો હતો. પણ ગણેશજીને મોસાળ જવાનું મન થતા તેમણે જીદ પકડી જેનો શિવજી પોતે અનાદર ના કરી શકયા. સાથે સાથે તેમને પોતાની માતાને પણ આજીજી કરી, માં અવઢવમાં હતા. ત્યારે શિવજીએ તેમને અઢી દિવસ પિયર જવાની પરવાનગી આપી. આ પ્રસંગે માતાના પિયરવાસી ખુશ થઈ ગયા. તેમણે શિવજીને પણ આદરપુર્વક આમંત્રણ આપ્યું. જેથી અઢી દિવસ તે પણ ત્યાં રાત્રી રોકાયા એ દિવસ એટલે મહાગૌરી અને ગણેશ, શિવજીનું પૂજન ભાદરવા સુદ સાતમની રાત્રીના ૧૨ વાગ્યે હર્ષોલ્લાસ સાથે શિવ પરિવારનુંપૂજન-અર્ચન-આરતી કરવામાં આવે છે. જેથી મૂર્તિનું સ્થાપનનું વિસર્જન થાય છે. આમ આ અઢી દિવસનો પ્રસંગ મરાઠી લોકો ખુબ રંગેચંગે ઉજવે છે. ગૌરી માં ની મૂર્તિ તે કેળના પાનથી બનાવવામાં આવેલ છે તે આશરે ૧૨૦ વર્ષ જુની છે પણ આજે તમને જોવો તો તમને લાગે કે હમણા જ બનાવવામાં આવેલ હોય. અમદાવાદના નિર્ણયનગર સેકટર ૭ બી બ્લોક નં.૫ માં ઉજવાય છે.

**• પ્રાસંગીક**

ગૌરી માં ની વર્ષો જુની મૂર્તિ જે જવલ્લે જ જોવા મળે. તેવી આબેહુબ જાણે સાક્ષાત ગૌરીમાં સ્વર્ગમાંથી ઉતરી આવ્યા હોય તેવી અદભુત મૂર્તિનું પૂજન ભાદરવા સુદ ૬ થી ૮ દરમ્યાન થાય છે. સૌથી મહત્વની વાત એ કે ગૌરીમાની આ મૂર્તિ કેળના પાનમાંથી બનાવેલ છે. ગૌરીમાંની આ મૂર્તિનું પૂજન છેલ્લા ૧૨૦ વર્ષોથી આ પરિવારમાં લગભગ પાંચ પેઢીથી પરંપરાગત ગૌરીમાંનું વિધીથી પૂજન કરવામાં આવે છે. ચોથના દિવસે ગણેશ સ્થાપન અનેબાદમાં છઠ્ઠા અથવા સાતમાંદિવસે ગૌરીમાંનું સ્થાપન વહેલી સવારે વડપૂજા કરીને વિધીગત કરવામાં આવશે છે. પાંચ સુહાગન દ્વારા તેમના પરિધાન અને અલંકારોની પૂજા કરવામાં આવે છે. પૂજાની તમામ વસ્તુઓને ગંગાજળ અને નદીના પાણીથી પવિત્ર કરવામાં આવે છે. ત્યારબાદ બ્રાહ્મણ તેમના મુખની પૂજાકરવામાં આવે છે. મૂર્તિને સુહાગનો શણગાર કરે છે. ત્યારબાદ સારા મુહુર્તમાં તેમની સ્થાપના કરાય છે અને લોકોના દર્શન માટે મુકાય છે. મૂર્તિમાં પ્રાણ પુરાય છે. નોમની રાત્રે ૧૨ની મહાઆરતીમાં માં નું સ્વરૂપ બદલાય છે. તેમને મંગળસુત્ર, વેણી, વિવિધ અલંકારોથી સજાવાય છે. માંને ગટરની વેણી, ગટરનો હાર, ગુલાબનો હાર બહુ પ્રિય છે તેથી તેમને તેનાથી પ્રસન્ન કરાય છે.

ગૌરીમાંની આ મૂર્તિને મન્નતની મૂર્તિ પણ કહેવાય છે. ભોજકર પરિવાર તેમને માનતાથી લાવ્યા હતા. લોકો પોતાની મન્નત માંગવા અને પુરી કરવા આવે છે અને ગૌરીમાંના સુંદર અને અદ્‌ભુત અલૌકિક રૂપના દર્શન કરીને ધન્યતા અનુભવેછે અને પાવન થાય છે. નોમના દિવસે સુહાગનો દ્વારા ગૌરીમાંને ફળોના સુપ ધરાવાય છે. નવી પરણેલી સ્ત્રીઓ ખાસ આ સુપ ભરવા આવે છે.

# એક વર્ષ દરમ્યાન એકત્ર થયેલા ૭૫૦૦ દિવ્યાત્માઓના અસ્થિફુલોને હરીદ્વાર ખાતે વિસર્જીત કરાશે

જૂનાગઢ તા. ૨૧

શ્રી સર્વોદય બ્લડ બેંક ટ્રસ્ટની એક યાદી જણાવે છે કે, જૂનાગઢ મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત સોનાપુરી સ્મશાન ગૃહ ખાતે રાખવામાં આવેલ અસ્થિકુંભમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન એકત્ર થયેલા લગભગ ૭૫૦૦ જેટલા દિવ્યાત્માઓના અસ્થિફુલોને આગામી તા.૩૦-૯-૨૩ ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે જૂનાગઢ તથા હરીદ્વારના વિધ્વાન પંડીતોના મંત્રોચ્ચાર દ્વારા હિન્દુ વૈદિક ધાર્મિક વિધી બાદ પવિત્ર ગંગાજીમાં વિસર્જીત કરાશે. જૂનાગઢના સ્મશાન ગૃહના અસ્થિકુંભમાં એકત્ર થયેલા આ અસ્થિફુલોને દિવંગતોના સ્વજનો પૂજન અર્ચન કરી શકે તે માટે તા.૨૪, ૨૫ અને ૨૬ સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ માટે આઝાદ ચોક પાસે આવેલ સંવાદ કોમ્પલેક્ષના ભોંયતળીયે બ્લડ બેંકના ઓટલે દર્શનાર્થે રાખવામાં આવશે. જેનો સમય સવારના ૧૦ થી રાત્રીના ૧૦ કલાકસુધીનો રહેશે.

આ ત્રણ દિવસ દરમ્યાન દરરોજ સાંજે સ્થળ ઉપર ધુન-ભજન તથા સત્સંગ થશે. આ અસ્થિફુલોને બ્લડ બેંકના સ્વયંસેવકો મહેન્દ્ર મશરૂ સહિતના ૬ લોકો બ્લડ બેંકની એમ્બ્યુલનસમાં તા.૨૭-૯-૨૩ ને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે લઈને રેડક્રોસના પાછલા ગ્રાઉન્ડખાતેથી પ્રસ્થાન કરશે જે તા.૨૯-૯-૨૩ના રોજ હરીદ્વાર ખાતે પહોંચશે. જયારે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા અધિકૃત થયેલા ઓફીસર દિપકભાઈ રૂપારેલીયા ટ્રેન મારફત રવાના થશે અને તેઓ પણ તા.૨૯ ના રોજ તેમની ટીમ સાથે હરીદ્વાર પહોંચશે.

તા.૩૦-૯-૨૩ ના રોજ હરીદ્વાર ખાતે દિવંગતોના સ્વજનો, બ્લડ બેંકના સ્વયંસેવકો, મ્યુનિ. કોર્પોરેશનના અધિકારી અને બ્લડ બેંકના કાર્યકર્તા દિપકભાઈ રૂપારેલીયા તેમજ જૂનાગઢના માતુશ્રી વીરબાઈમાં મહિલા મંડળના બહેનો સહિતના લોકોની વિશાળ હાજરીમાં જૂનાગઢના વિધ્વાન ભાગવતાચાર્ય આનંદભાઈ પેરાણી તેમજ હરીદ્વારના વિધ્વાન પંડિતોના મંત્રોચ્ચાર સાથે લગભગ દોઢ થી બે કલાકની હિન્દુ વૈદિક વિધી સંપન્ન થયે તમામ અસ્થિફુલોને પવિત્ર ગંગાજીમાં પધરાવી વિસર્જીત કરાશે. આ વિસર્જન કર્યા બાદ હરીદ્વાર ખાતે આવેલા ત્રણથી ચાર જેટલા રકતપિત આશ્રમો તથા રકતપિત વસાહતોમાં રાશન વિતરણ કરવામાં આવશે. તથા ઘાટ ઉપરના તમામ ભિક્ષુક ભાઈ-બહેનોને તથા બાળકોને હોટલમાં ભોજન જમાડવામાં આવશે. આ સદ્‌કાર્યમાં જોડાનાર સ્વયંસેવકો હરીદ્વાર ખાતેનો પોતાનો ખર્ચ પોતે ભોગવશે અને રેલ્વે ટીકીટ પણ પોતાના ખર્ચે ખરીદશે. સંસ્થા ઉપર આર્થિક ભારણ આવશે નહીં. દર વર્ષે આ પ્રમાણે જ સ્વયંસેવકો આ સદ્‌કાર્યમાં સ્વખર્ચે જોડાય છે. વધુમાં તા.૯-૯-૨૨ થી તા.૨૬-૯-૨૩ એમ એક વર્ષ અને ૧૭ દિવસ દરમ્યાન જૂનાગઢના સોનાપુરી સ્મશાન ગૃહમાં રાખેલ અસ્થિકુંભમાં એકત્ર થયેલા/ થનારા અસ્થિફુલોને હરીદ્વાર ખાતે વિસર્જનમાં લઈ જવામાં આવશે તેમ સર્વોદય બ્લડ બેંક ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્ર મશરૂની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ પોલીસની નેત્રમ શાખા દ્વારા ખોવાયેલા બે મોબાઈલ ફોન ગણતરીની કલાકોમાં શોધી અપાયા

જૂનાગઢ તા. ૨૧

રૂા. ૨૧,૦૦૦/- ની કિંમતના ૨ મોબાઈલ ફોન ખોવાતા વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરાથી જૂનાગઢની નેત્રમ શાખા પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં શોધી આપેલ છે.

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયાતથા જૂનાગઢ જીલ્લાપોલીસવડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે,એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

અરજદાર ધર્મેશભાઈ કિશોરભાઈ મકવાણા જેતપુરના વતની હોય અને જૂનાગઢ જરૂરી કામ અર્થે આવેલ હોય. ધર્મેશભાઈ જૂનાગઢથી જેતપુર જવા માટે ઈકો ગાડીમાં બેસેલ, જેતપુર ઈકો ગાડીમાંથી ઉતરતી વખતે તેમનો રૂા.૧૫,૦૦૦/-ની કીંમતનો MI કંપનીનો Redmi note 9 pro મોબાઈલ ફોન તેમજ રૂા. ૬,૦૦૦/- ની કીંમતનો NARZO મોબાઈલ ફોન ઈકો ગાડીમાં ભુલાયેલ હોય, તે મોબાઈલ ફોનમાં તેમના અગત્યના દસ્તાવેજ તેમજ અન્ય વસ્તુઓ સેવ કરેલ હતી, જે મોબાઈલ ફોન ભવિષ્યમાં મળવા મુશ્કેલ હોય અને તેઓ વ્યથિત થઈ ગયેલ હતા. આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ & કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જૂનાગઢ હેડક્વા. ડીવાયએસપી એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના પી.એસ.આઈ પી.એચ. મશરૂ, પો.કોન્સ. વિક્રમભાઈ જીલડિયા, હરસુખભાઈ સિસોદીયા, હિનાબેન વેગડા, એન્જી. નીતલબેન મહેતા સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી ધર્મેશભાઈ મકવાણા ગાંધીચોકથી જેતપુર જવા માટે જે ઈકો ગાડીમાં બેસેલ તેનો સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ CCTV ફૂટેજની મદદથી ચેક કરી તે ઈકો ગડીના રજી નં. **GJ 11 CD 3326** શોધેલ.




જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ઈકો ગાડીના ચાલકનો કોન્ટેકટ કરી પૂછપરછ કરતા બંને મોબાઈલ ફોન તેમની પાસે હોવાનું જણાવેલ, પોલીસ દ્વારા ઈકો ચાલકને ઠપકો પણ આપવામાં આવેલ હતો. નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ધર્મેશભાઈ મકવાણાના રૂા.૨૧,૦૦૦ની કિંમતના ૨ મોબાઈલ ફોન રીકવર કરી ગણતરીની કલાકોમાં શોધી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને ધર્મેશભાઈ મકવાણાએ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો. નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ૨ મોબાઈલ ફોન ગણતરીની કલાકોમાં શોધી પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.


# ચોકી (સોરઠ) મુકામે ગણાત્રા પરિવારના સુરાપુરા મોનજીબાપાનો હવન

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢ જીલ્લાના ચોકી (સોરઠ) મુકામે અકાળા રોડ ઉપર સુરાપુરા મોનજી બાપાના મંદિરે ગણાત્રા પરિવારનો હવન સંવત ૨૦૭૯ ભાદરવા સુદ ૯, નોમ ને તા.૨૪-૯-૨૩ ને રવિવારે સવારે ૮ કલાકે રાખેલ છે. જેમાં આચાર્ય સંજયભાઈ જોષી હવનની વિધી કરશે. ત્યારબાદ બપોરે ભોજન તથા બટુક ભોજનનો કાર્યક્રમ, ત્યારપછી બપોરે ૨ કલાકે હવનનું બીડું હોમાશે. ત્યારબાદ દાતાઓનું સન્માન થશે. ત્યારબાદ મહાપ્રસાદ, ભોજન સમારંભનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે સમસ્ત ગણાત્રા પરિવારોને હવનમાં પધારવા માટે ગણાત્રા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# કુશાગ્ર બુધ્ધિશાળી ગણપતિજી

શ્રી ગણપતિજી દેવાધીદેવ મહાદેવજી અને પાર્વતિજીનાં અતિ પ્યારા પુત્ર છે. તેવીજ રીતે ગણપતિજીને પણ તેમનાં માતા-પિતા પર અત્યંત સ્નેહ છે. એવા અનેક દાખલાઓ પુરાણોમાં જોવા મળે છે કે, જેમાંથી તેમની માતૃભક્તિ અને પિતભક્તિનાં દર્શન થાય છે. તો વળી કેટલીક જગ્યાએ તેમની કુશાગ્ર બુધ્ધિ અને વિરતાનાં પણ દર્શન થાય છે. જગતને સદ્‌બુધ્ધિ આપનારા દેવ શ્રી ગણપતિજી કુશાગ્ર બુધ્ધિવાળા દેવ હોય તો તે સ્વાભાવિક જ છે.



એક સમયની વાત છે. ભગવાન શિવજીએ એક મહાયજ્ઞ કરવાનો વિચાર કર્યો. યજ્ઞનો દિવસ અચાનક જ નક્કી થયેલો અને વળી એક દિવસનો જ ગાળો રહેતો હતો. એ એક દિવસનાં ગાળામાં બધા જ દેવતાઓને યજ્ઞમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપવાનું હતું. એ કામગીરી શ્રી ગણપતિજીને સોંપવામાં આવી.

શ્રી ગણપતિજી વિચાર કરવા લાગ્યા, "એક તો મારું ભારે વજન વાળું શરીર ઉપરથી મારું ધીરે ધીરે ચાલનારું વાહન ઉંદર. બધાય દેવોને આમંત્રણ આપવામાં હું ક્યારે પહોંચી વળીશ. વળી, જો આમંત્રણ આપવામાં જો જરા પણ ક્યાંય કચાશ રહી જશે તો વળી પિતાજી પણ મારા ઉપર નારાજ થશે માટે દેવતાઓને વહેલી તકે આમંત્રણ પહોચી જાય અને પિતાજી મારા પર રાજી પણ રહે તેવો કોઈ સહેલો ઉપાય હું શોધી કાઢું." આમને આમ વિચાર કરતાં તેમને એક ઉપાય સુઝીઆવ્યો. તેમણે પોતાના પિતાજી એવા મહાદેવજીને પહેલાં ત્રણ પ્રદિક્ષણ કરી પછી બે હેથ જોડી અને પિતાજી પાસે ઊભા રહ્યા અને પ્રાર્થના કરતાં કહ્યું, "હે દેવતાઓ, મારા પિતાજી શિવજીએ એક મહાયજ્ઞનું આયોજન કર્યું છે. આ મહાય જ્ઞોમાં આપ સૌને પધારવા માટે ભાવભર્યું નિમંત્રણ છે. માટે આપ સૌ આ યજ્ઞમાં ઉપસ્થિત રહી અને યજ્ઞને દિપાવજો." આમ કહી, પગે લાગી લીધું.

આ જોઈ માતા પાર્વતિજીએ કહ્યું, " બેટા ગણેશ, તને તો બધા દેવતાઓ પાસે જઈ અને આ યજ્ઞમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપેલું અને તે અહીં તારા પિતાજી પાસે જ બધા દેવો શા માટે આમંત્રણ આપી દીધું ? આ સાંભળી અને ગણપતિજી વિનય સાથે માતા પાર્વતિને કહેવા લાગ્યા, "માં... માં... તમે તો જાણો છે કે, મારા પિતા શિવજીમાં જ બધાય દેવો સમાયેલા છે એટલે જ તો તેમને મહાદેવ કહેવાય છે. માટે જ મેં મારા પિતાજીમાં સમાયેલા બધા જ દેવોને આમંત્રણ આપી દીધું અને તેમનાં દ્વારા બધાય દેવોને તે આમંત્રણ પણ મળી ગયું." આ જવાબ સાંભળી અને બુધ્ધિશાળી એવા ગણપતિજીને માતાપાર્વતિજીએ વ્હાલ કરી અને પોતાનાં ખોળામાં બેસાડી લીધા. અટલું જ નહીં પરંતુ શિવજીનાં યજ્ઞનું બધા દેવોને આમંત્રણપણ મળી ગયું અને સૌ દેવતાઓ સમયસર શિવજીનાં એ યજ્ઞમાં પણ ઉપસ્થિત રહેલાં. આમ, શ્રી ગણપતિજીએ પોતાની કુશાગ્ર બુધ્ધિ વળે પિતાજીનું એક અગત્યનું કાર્ય સિધ્ધ કર્યું.

સુખ-શાંતિ અર્થે શ્રી ગણેશ પ્રાર્થના

ગણાધિપ નમસ્તુભ્યં, સર્વ વિઘ્ન પ્રશાન્તિદ.
ઉમાનન્દપ્રદ પ્રાજ્ઞ, ત્રાહિ મા ભવસાગરાત્.
હરાનન્દકર, ધ્યાન જ્ઞાનવિજ્ઞાનદ પ્રભો.
વિઘ્નરાજ નમસ્તુભ્યં, સર્વ દૈત્યૈકસૂદન.
સર્વ પ્રીતિપ્રદ શ્રીદ, સર્વ યજ્ઞૈક રક્ષક.
સર્વાભીષ્ટપ્રદ પ્રીત્યા, નમામિ ત્વાં ગણાધિપ.

શ્રી ગણેશજી, આપને નમસ્કાર કરું છું. આપ સર્વ વિઘ્નોની શાંતિ કરવાવાળા, ઉમા માટે આનંદદાયક તથા પરમ બુધ્ધિમાન છો. આપ ભવસાગરથી મારો ઉધ્ધાર કરો. વિઘ્નરાજ આપ ભગવાન શંકરને આનંદ આપનારા, તમારું ધ્યાન કરવાવાળાને જ્ઞાન અને વિજ્ઞાન આપનારા તથા સંપૂર્ણ દૈત્યોના એક માત્ર સંહારક આપને નમસ્કાર કરું છું. હે ગણપતિ સમે સૌને પ્રસન્નતા અને લક્ષ્મી આપવાવાળા સંપૂર્ણ યજ્ઞોના એક માત્ર રક્ષક તથા બધા જ મનોરથોને પૂર્ણ કરનારા હું પ્રેમ પૂર્વક તમને નમસ્કાર કરું છું.

નોંધ : દરરોજ સવાર, બપોર, સાંજ ભક્તિ અને શ્રધ્ધા સાથે શ્રી ગણપતિજી પાસે પદ્‌મ પૂરાણમાં આપવામાં આવેલી આ પ્રાર્થના કરવાથી સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે.

કનકચંદ્ર છગનલાલ વ્યાસ

